# આધ્યાત્મિક કેડી

તંત્રી - સંપાદક : કૈલાસબહેન એન. પરીખ

ૐ
મા
ૐ




ૐ
મા
ૐ

ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ૐ ।।

(વર્ષ ૨૦) એપ્રિલ - ૨૦૦૧ (અંક ૧)

|| ૐ મા ૐ || || જય ગાયત્રી મા || || ૐ મા ૐ ||

વર્ષ : ૨૦
અંક : ૧

# આધ્યાત્મિક કેડી

એપ્રિલ
૨૦૦૧

શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ : અમદાવાદ-૩૮૦૦૧૫.



વાર્ષિક લવાજમ
રૂપિયા વીસ (૨૦/-)

પ્રકાશક
શ્રી કૈલાસબ્હેન એન. પરીખ,
શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ,
'નીલોષા' બંગલો,
ત્રિમૂર્તિ સોસાયટી,
ગવર્નમેન્ટ પાંચ બંગલા પાસે,
ગુલબાઈ ટેકરા,
અમદાવાદ-૩૮૦૦૧૫.

## અનુક્રમણિકા

| ક્રમ | વિગત | પાન નં. |
|---|---|---|
| ૧. | શિવરાત્રી | ૧ |
| ૨. | ભૂકંપ વેળાએ સુરતમાં.... | ૩ |
| ૩. | ભૂકંપ શાંતિનું આધ્યાત્મિક અભિયાન | ૪ |
| ૪. | કચ્છનાં કાઢ્યાં કડવાં મૂળ | ૧૩ |
| ૫. | ભૂકંપનો ભોગ બનેલ મૃતાત્માઓ માટે.. | ૧૪ |
| ૬. | અમને કોઈ જગાડો ! | ૧૫ |
| ૭. | હું આવ્યો છું | ૧૭ |
| ૮. | દિવ્ય સંકેતો માર્ગદર્શન | ૧૯ |
| ૯. | સહજ ઉપાસનાના ઉદ્‌ગાતા - ક્રમશઃ | ૨૦ |
| ૧૦. | સેવા - જ્ઞાનગોષ્ઠિ - પ્રશ્નોતરી | ૨૨ |
| ૧૧. | ચારધામ પ્રવાસ - ગંગોત્રી | ૨૭ |
| ૧૨. | જ્ઞાન બીજ ક્રમશઃ | ૩૦ |
| ૧૩. | પૂજ્ય રાજયોગીનો વિદેશ કાર્યક્રમ | ટાઈટલ-૩ |
| ૧૪. | સમાચાર | ટાઈટલ-૪ |

ૐ મા ૐ

visit us at :
**www.rajyoginarendrgi.com**

અર્ધ વાર્ષિક અંક એપ્રિલ અને ઓક્ટોબર
**આધ્યાત્મિક કેડી : એપ્રિલ - ૨૦૦૧** - R.N. 38405/82

મુદ્રક : ગાયત્રી ટ્રેડર્સ - રાધાવલ્લભજીના મંદિર પાસે, જવાહરચોક, મણિનગર, અમદાવાદ-૮.

(૧) “ સ્વમૂલ્યાંકન કરીએ’

# શિવરાત્રી

તા. ૨૧-૨-૨૦૦૧ પૂ. રાજયોગી નરેન્દ્રજી

**વહાલા આત્મિયજનો,**

આજે શિવરાત્રી છે, શિવરાત્રી એ અજ્ઞાનરૂપી અંધકારને વિદારવાનું અને જ્ઞાનરૂપી પ્રકાશને પ્રાપ્ત કરવાનું પાવનપર્વ છે. શિવની ઉપાસના એટલે જ્ઞાનની, સાત્વિક જ્ઞાનની ઉપાસના.

આજે શિવ ઉપાસના દ્વારા આતમદીપને સંકોરવાનો, સતેજ કરવાનો ચેતના દિવસ છે. આપણામાં રહેલી અને પોષાતી અજ્ઞાનતા, અંધશ્રધ્ધા, એષણાઓ, વાસનાઓ, દુર્વૃતિઓને દૂર કરવાનો, મીટાવવાનો પ્રેરણા દિવસ છે.

શિવ પરમાત્માએ શંકર સ્વરૂપે પોતાનું ત્રીજું નેત્ર, જ્ઞાન ચક્ષુ ખોલીને ધ્યાનમાં વિક્ષેપ કરનાર કામદેવને ભસ્મીભૂત કરી નાખ્યા હતા. કામદેવ એ મોહનું, વાસનાનું પ્રતિક છે. જ્ઞાન, સમજ, વિવેક વડે જ મોહમાયામાંથી છુટી શકાય છે.

દરેક માનવ પાસે ત્રીજું નેત્ર છે. ભ્રૂકુટીની મધ્યમાં જ્ઞાનચક્ષુ સૂક્ષ્મરૂપે વિદ્યમાન છે. આ જ્ઞાનચક્ષુ તે જ આપણું આજ્ઞાચક્ર છે. નિયમિત ભાવપૂર્ણ ઉપાસનાથી સાત્વિક જ્ઞાનનો વિકાસ થતા અને પરમની કૃપા થતાં આજ્ઞાચક્ર કાર્યાન્વિત થાય છે. સત્યને પારખવાની, સમજવાની અને જોવાની ક્ષમતા આવે છે. વિવેકનો વિકાસ થાય છે. સારા નરસાની, શુભ, અશુભ, સત્ય અસત્યની પરખ અને સમજ જ્ઞાન ચક્ષુ દ્વારા જ થઇ શકે છે.

શિવનો અર્થ થાય છે કલ્યાણ. શિવત્વને પામવું એટલે આપણે કલ્યાણકારી બનવું. **આપણે અનાસકત ભાવે, પ્રભુ પ્રિત્યર્થે જ આ જન્મ પર્યંત કર્મો કરીએ જેથી આ કર્મો આપણને બંધનકર્તા ન બને. વળી ગત જન્મના પ્રારબ્ધ રૂપે મળેલા કર્મો આપણે પૂર્ણતયા પરમની પ્રસાદી સમજીને ભોગવી લઇએ તોજ આપણું કર્મ યોગ બની શકે.**

આપની શિવઉપાસના યંત્રવત્, ચીલાચાલુ ન બનતાં ભાવાત્મક બનવી જોઇએ જેથી અંતરમાં આનંદ સુખ અને સંતોષનો અનુભવ થાય, શિવ પરમાત્માના દર્શન, પૂજા, ઉપાસના કરવાની સાથે સાથે આપણે આપણામાં વિરાજીત શિવતત્વનાં દર્શન કરવાં જોઇએ. સાત્વિક ગુણોનો આવિર્ભાવ થાય તો જ આપણે અંતરાત્મામાં વિરાજીત શિવતત્વને પિછાની શકીએ.

**અંતરાત્મા એ પરમાત્માનો અંશ છે અને પરમાત્મા ચૈતન્ય સ્વરૂપે વિલસી રહયા છે. એટલે તો આપણું જીવન ધબકી રહયું છે. અંતરાત્મામાં વિરાજીત પરમાત્મા સ્વયમ્**

**નિરાકાર છે**
**સત્ય સ્વરૂપ છે**
**આનંદ સ્વરૂપ છે**
**ચેતન સ્વરૂપ છે**
**કલ્યાણ સ્વરૂપ છે**
**સુંદર સ્વરૂપ છે**
**સુવાસ સ્વરૂપ છે**
**પ્રેમ સ્વરૂપ છે**

માનવ દેહમાં વિરાજીત અંતરાત્મા પાસે પરમાત્માનો આ વારસો, આ વિવિધ સ્વરૂપો વિદ્યમાન છે જ. કોઇપણ બાળકમાં પરમાત્માના આ વિવિધ સ્વરૂપનાં દર્શન થયા કરે છે, અને એટલા માટે જ કોઇપણ બાળક પ્રત્યે નિર્દોષ પ્રેમ, આકર્ષણ થયા કરે છે. સંતો, સાત્વિકતાથી સભર મહામાનવોનું વ્યકિતત્વ પણ બાળસહજ, નિર્દોષ, પ્રેમાળ હોય છે. જેથી તેઓમાં પણ પરમાત્માના વિવિધ સ્વરૂપનાં દર્શન થયા કરે છે.

બાળકનું કિશોરાવસ્થામાં પરિવર્તન થતાં જ તેના જીવનમાં, મન, બુધ્ધિ, અંહકારનું પ્રાધાન્ય વધે છે. નિર્મળતા, નિર્દોષતા ઓસરવા લાગે છે અને જીવ માયાની માયાજાળમાં લપેટાતો જાય છે. ગત જન્મના સાત્વિક કર્મોનો પ્રભાવ, સુસંસ્કાર અને આધ્યાત્મિક વાતાવરણમાં ઉછરતો બાળક સાત્વિક મનોવૃતિ ધારણ કરે છે. સત્સંગ, સંતસમાગમની અસર માણસના મન પર સાત્વિક છાપ ઉભી કરે છે. વ્યકિત નીતિમય જીવન જીવવાનો આગ્રહી બને છે અને આધ્યાત્મિક જીવન જીવે છે.

**વ્યકિતનો જન્મ અને ઉછેર ગમે તેવા વાતાવરણમાં થયો હોય તો પણ સત્સંગ, સંતસમાગમ અને સદ્‌ગુરૂનું શરણ તેના જીવનમાં આમૂલપરિવર્તન લાવી શકે છે. શરત છે ફકત સદ્‌ગુરૂના આદેશનું અને આદર્શોનું શ્રધ્ધાપૂર્વક પાલન કરી સતત પુરૂષાર્થ કરતા રહેવાનું.**

આપણે શિવત્વને પામવા માટે, શિવમય બનવા માટે આપણી અંદર રહેલા શિવતત્વને જાગૃત કરવું હોય તો આપણે આપણી જાતનું હંમેશા સ્વમૂલ્યાંકન કરતાં રહેવું જોઇએ. સદ્‌ગુણ અને દુર્ગુણને તટસ્થપણે અવલોકવા જોઇએ અને તેની નોંધ કરવી જોઇએ.

તટસ્થતાથી નિરપેક્ષ ભાવે સ્વમૂલ્યાંકન કરી જાતને તપાસતા રહેજો, દુર્ગુંણો અને દુર્વૃતિઓ, સદ્‌ગુણો, સદ્‌વૃતિઓની તુલના કરી તમારી જાતને શિવત્વના શિખર પર પહોંચાડવા સાત્વિક પુરૂષાર્થ કરતા રહેજો.સ્વમૂલ્યાંકન કરવા માટે થોડું માર્ગદર્શન આપુ છું.

## સ્વમૂલ્યાંકન

**૧. (I) હું નિયમિત શ્રધ્ધા અને શરણાગતિના ભાવથી મારા ઈષ્ટદેવની ઉપાસના કરૂ છુ.**
**(II) પરમનું સાનિધ્ય અનુભવુ છુ.**
**૨. (I) હું નિયમિત સત્સંગ કરૂ છુ.**
**(II) સદ્‌ગુરૂના આદેશનું અને આદર્શોનું નિષ્ઠાપૂર્વક પાલન કરૂ છુ.**
**૩. (I) હું નૈતિક જીવન જીવુ છુ.**
**(II) માનવતાના મૂલ્યોને અનુસરૂ છુ.**
**૪. હું મારા મન અને ઈન્દ્રિયોને નિયંત્રણમાં રાખી શકુ છુ.**
**૫. ષડ્‌વૃતિઓ કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર પ્રત્યે સતત જાગૃત રહુ છુ.**
**૬. હું સુખ દુઃખમાં સમતા રાખી શકુ છુ.**
**૭. હું મારા જીવનમાં પુરૂષાર્થને પ્રાધાન્ય આપી ઈશની કૃપા અને પ્રેરણા મેળવુ છુ.**
**૮. હું મારા વાણી વર્તન અને વ્યવહારમાં એકરૂપતા અને સાત્વિકતા રાખી શકુ છુ.**
**૯. હું અહમને ઓગાળી નમ્રતા દાખવી શકુ છુ.**

આપનું જીવન ઉર્ધ્વગામી બને અને જીવન સાત્વિક બનાવવાના આપના પ્રયત્નમાં આપ સફળતા પ્રાપ્ત કરો તેવા આશીર્વાદ.

॥ ૐ મા ૐ ॥

## (૨) ભૂકંપ વેળાએ સુરતમાં...

વિદેશમાં કાર્યયજ્ઞ પતાવી અમે ૨૨ જાન્યુઆરીએ અમદાવાદ આવ્યાં. અગાઉથી નક્કી થયેલ કાર્યયજ્ઞ અનુસાર અમે તા. ૨૫ જાન્યુઆરીએ સાંજે શતાબ્દિમાં સુરત આવ્યાં. તા.૨૬ અને ૨૭ વ્યકિતગત મુલાકાતનો સેવાયજ્ઞ હતો. **તા.૨૬ જાન્યુઆરી ૨૦૦૧ સવારે......**

પૂજયશ્રી તેમની રૂમમાં પૂજા-ઉપાસનામાં વ્યસ્ત હતા. ધરા ધ્રુજવાનો અનુભવ તેમને થયો. મેં (બ્હેનજીએ) પૂજયશ્રીનો દરવાજો ખખડાવી ધરતીકંપની જાણ કરી અને તેર અક્ષરના મંત્રનો ઉપયોગ કરવા વિનંતી કરી. **કમ્પાઉન્ડમાં જઈ ધરા પર જમણા પગનો અંગૂઠો દબાવી તેર અક્ષરના મંત્રનુ રટણ કર્યું અને ધ્રુજતી ધરાનું કંપન બંધ થઇ ગયું.** પછી સમય હોવાથી અને હળવા આંચકાઓની આગાહીઓ દૂરદર્શન પર થતી હોવાથી ભૂકંપ નિવારણ વિધિ કરી સુરતને ભયમુકત કર્યું.

**અગાઉ સપ્ટેમ્બર ૨૦૦૦માં ભાવનગર અને વડોદરામાં માતાજીના આદેશ અને માર્ગદર્શન અનુસાર ભૂકંપ નિવારણની વિધિ કરી હતી જેથી આ વખતે આ બંને શહેરો ભૂકંપની વિનાશકતામાંથી બચી ગયાં હતાં.**

શિવરાત્રીની સંધ્યાએ પૂજયશ્રીએ પોતાના અંતરની વ્યથાને વ્યકત કરતાં જણાવ્યું કે, **“ ૨૬મી જાન્યુઆરીએ હું અમદાવાદમાં ન હતો તેનો મને આજે પણ મનમાં અફસોસ રહી ગયો છે. જો હું અમદાવાદમાં હાજર હોત તો ભૂકંપની વિનાશકતા વળોટી શકાઈ હોત. માતાજીએ મને શકિત આપી પરંતુ અમદાવાદ માટે હું તેનો સમયસર ઉપયોગ ન કરી શકયો. ૨૯મી જાન્યુઆરીએ ભૂકંપ નિવારણની વિધિ કરી, અમદાવાદને ભયાનક વિનાશકતામાંથી ઉગારી શકાયુ છે. ”**

બ્હેનજીએ જણાવ્યું કે “ દિવ્ય સેનાપતિ (માતાજી)ની અગમચેતી રૂપે આપશ્રીને શિસ્તબધ્ધ સૈનિકને વિદેશથી આવ્યા પછી બે જ દિવસમાં સુરત પ્રોગ્રામ માટે ત્રણ મહિના પહેલાના આયોજન મુજબ મોકલી આપ્યા તેની પાછળનું રહસ્ય કદાચ સમગ્ર સુરતને ભયાનક વિનાશમાંથી ઉગારી લેવાનું હશે. જો ઉકાઇ ડેમને ભૂકંપથી નુકશાન થયું હોત તો ? કેટલી મોટી તારાજી થઇ હોત? આપશ્રીની સુરતમાં ૨૬મી જાન્યુઆરીની ઉપસ્થિતિ બહુ જ સાંકેતિક અને લોક કલ્યાણ અર્થે જ હતી તેમ મારું માનવું છે.” પૂજયશ્રીએ આ વિચારને અનુમોદન આપી મૌન સેવ્યુ.

**।। ૐ મા ૐ ।।**

## (3) ભૂકંપ શાંતિનું આધ્યાત્મિક અભિયાન

વિરાટ કુદરતની સામે મનુષ્ય હજુ ઘણો વામણો છે. જે પંચમહાભૂત થકી માનવશરીર સર્જાય છે તે કુદરતના અસીમ શકિત ધરાવતાં પરિબળો - પૃથ્વી, જલ, અગ્નિ, આકાશ અને વાયુના પ્રકોપ સામે ઝીંક ઝીલી શકે એટલી વૈજ્ઞાનિક ક્ષમતા આજના કોમ્પ્યુટર - યુગ કે સાઇબર યુગના મનુષ્યની નથી. પૃથ્વીની બહાર અને સમુદ્રના ઊંડાણોમાં હરતો - ફરતો થઇ ગયેલો માનવ પોતાની વૈજ્ઞાનિક પ્રગતિના કેફમાં ઘણીવાર કુદરતની અપરિમેય તાકાતનું વિસ્મરણ કરી બેસે છે, પરંતુ કુદરતની એક જ સણ-સણતી લપડાક માનવને તેની પોતાની સ્થિતિ અને ક્ષમતાનું ભાન કરાવવા માટે પૂરતી થઇ જાય છે. જવાળામુખીનો વિસ્ફોટ, અતિભારે વર્ષાથી આવતાં વિનાશક પૂર, વાવાઝાડું, અચાનક થતો અકલ્પ્ય ભૂકંપ વગેરે કુદરતી ઉથલપાથલોથી થતાં ભયાનક વિનાશ અને જાન - માલની હૃદયદ્રાવક ખુવારીને વિસ્ફારિત નેત્રે નિહાળતા સહેમી ગયેલા માનવ માટે તત્કાળ તો ઇશ્વર સિવાય અન્ય કોઇ સહારો નથી અને -

ઇશ્વર એ શ્રધ્ધાનો વિષય છે. શ્રધ્ધા રાખવી એ મનુષ્ય સહજ સ્વભાવ છે. યુગો - યુગોથી શ્રધ્ધાએ જ મનુષ્યના અસ્તિત્વને ટકાવી રાખ્યું છે. શ્રધ્ધાએ જ માણસને માણસ બનાવ્યો છે. અનેકાનેક વિપરિતને વિકટ સંજોગોમાં શ્રધ્ધાએ જ મનુષ્યને હિંમતને તાકાત આપ્યાં છે. શ્રધ્ધાના કારણે જ માનવ પ્રતિકુળ સંજોગોમાં પણ હામ હાર્યા વગર કુદરતની કપરી કસોટીઓમાંથી પાર ઉતરી શકયો છે. ધૈર્ય અને શ્રધ્ધા મનુષ્યજાતને ટકાવી રાખનારા મહાન પરિબળો છે.

### તા. ૨૬મી જાન્યુઆરી ૨૦૦૧ને શુક્રવાર.

ભારતનો ભૂસ્તરશાસ્ત્રીય ઇતિહાસ આ ગોઝારા દિવસને કયારેય ભૂલી શકશે નહિ. પ્રજાસત્તાકદિન નિમિત્તે જાહેર રજાનો દિવસ હોવાથી મોટાભાગનાં લોકો પોત - પોતાના ઘરમાં જ હતાં. કેટલીક શાળામાં ધ્વજવંદનના કાર્યક્રમો ચાલી રહયાં હતાં. સવારના લગભગ ૮-૫૦નો સમય થયો અને-

- એક જોરદાર આંચકા સાથે કચ્છ - ભૂજની રેતાળ - ડુંગરાળ ધરતીએ આડા - ઊભા કંપનો સહિત ભયાનક હાલન - ડોલન આદરી દીધું. ભૂજ શહેરની સાથેસાથ ભચાઉ, રાપર, અંજાર, મોરબી, વઢવાણ, વાંકાનેર સહિત સમગ્ર વાગડપંથકની વસુંધરાએ વિકરાળ સ્વરૂપ ધરીને સતત ત્રણ - સાડાત્રણ મિનિટ સુધી વિનાશક કંપનોથી અનેક શહેરો - ગામડાંઓ - કસ્બાઓ અને વસાહતોને ભોંયભેગા કરી એક જ સપાટે લાખો મનુષ્યોને - પ્રાણીઓને પથ્થર - ઇંટ - સિમેન્ટ - રેતીના કાટમાળ નીચે મૃત્યુની ઊંડી ગર્તામાં ધરબી દીધાં.

જોતજોતમાં તો કચ્છપ્રદેશના કેટલાંક શહેરો અને ગામડાંઓ વર્તમાનમાંથી ભૂતકાળમાં ધકેલાઇ ગયા.

ધરતીના આ રૌદ્ર સ્વરૂપનો - વિનાશક તાંડવનો પ્રભાવ માત્ર કચ્છ પૂરતો મર્યાદિત ન રહેતાં સમગ્ર ગુજરાત અને ભારતસહિત એશિયાખંડને હચમચાવી ગયો. સૌરાષ્ટ્રના હૃદય સમા રાજકોટ અને ધ્રાંગધ્રા - સુરેન્દ્રનગર જેવા નાનકડા નગરો પણ હલબલી ગયા. ભયાનક ભૂકંપનો તીવ્ર અનુભવ કરી

અમદાવાદની કેટલીય ગગનચુંબી ઇમારતો પળવારમાં જમીનદોસ્ત થઇ ગઇ. રાષ્ટ્રધ્વજને સલામી આપી ‘ વંદે માતરમ્ ’ ના નારા પોકારી રહેલાં કૂમળાં કુસુમો સમા કેટલાંક બાળકો શાળાના કડડભૂસ થઇ તૂટી પડેલા મકાનના અતિ ભારે સ્લેબ અને દીવાલો નીચે કચડાઇ - કરમાઇ ગયાં - સાવ અકાળે. અમદાવાદમાં આતંક ફેલાવનાર આ ધરતીકંપના આંચકાની તીવ્રતા દિલ્હી અને દક્ષિણમાં પોંડીચેરી પહોંચતા સુધીમાં ઘણી ઓછી થઇ ગઇ નહિતર તો...

અનેક સ્વપ્નો રોળાયાં - કચડાયાં છે. જાન - માલની ખુવારીનો ચોક્કસ આંક મળવો મુશ્કેલ છે. બચાવને રાહતની કામગીરી હજુ ચાલુ જ છે. મૃત્યુએ કરેલા અટ્ટહાસ્યના પડઘા હજુ ય શમ્યા નથી. હોસ્પિટલો ઉભરાય છે. મહાકાળે વીંઝેલા કારમા કોરડાના ફટકાની વેદનાથી માણસજાત હજુ કણસે છે. સહેમી ગયેલો માણસ વીતેલી ભયાવહ પળોને યાદ કરીને ભવિષ્યની કલ્પના કરતાં પણ ડરે છે. ઇશ્વરના અસ્તિત્વ વિશે શંકા - સંદેહ કરી બૌધ્ધિક હોવાના પોકળ ગુમાનમાં રાચનારાઓ ૨૬મી જાન્યુઆરીની સાંજથી જ મંદિરોમાં જઇ ઘંટ વગાડવા માંડયા છે. વિનાશના તાંડવ વચ્ચે પણ બચી ગયેલાઓને ઇશ્વરનો પરોક્ષ સાક્ષાત્કાર જ થયો છે જાણે ! એથી ઉલ્ટું યમદૂતોએ કરેલી સરેઆમ લૂંટમાં પોતાનું સર્વસ્વ ગુમાવી દેનારાઓને ભગવાન તો શું, પોતાનામાં પણ શ્રધ્ધા રહી નથી. કેટલાંક એવું પૂછનારા પણ છે કે, ‘ જયોતિષીઓની વાત જવા દો - પણ ભારતમાં અનેક મહાન સંતો મહાત્માઓ છે જેમને અનેક દિવ્ય અનુભવો થાય છે - ઇશ્વરની કૃપા દ્વારા દિવ્ય દ્રષ્ટિથી ત્રિકાળનાં ઘણાં રહસ્યોનું દર્શન થાય છે. તો લાખોની સંખ્યામાં માનવસંહાર કરનારી ભૂકંપની આ હૃદયદ્રવક ઘટનાનો જરી સરખો ય અણસાર આ સંતો - મહાત્માઓને અગાઉથી ન આવ્યો ? કોઇને ય એવો ઇશ્વરીય સંકેત ન થયો કે ૨૬ મી એ સવારે આટલો ભયંકર ભૂકંપ થવાનો છે ? જો કોઇ સંતે - ઇશ્વર સાથે પ્રત્યક્ષ વાતો કરનારા મહાપુરૂષે આવો અગાઉથી ઇશારો કર્યો હોત તો લાખો મનુષ્યોના જીવન બચાવી શકાયા હોત... શું ખરેખર ઇશ્વરની દિવ્ય અનુભૂતિઓની વાતો કરનારા સંતો - મહાત્માઓ ત્રિકાળદર્શી છે કે પછી એ વાતો એ માત્ર પરીકથાઓ જેવી વાર્તાઓ જ છે ?

આવું પૂછનારા લોકોના સવાલો અસ્થાને તો નથી જ. ભલભલાની આસ્થાને હચમચાવી નાંખે એવા જીવલેણ આંચકાવાળા ભૂકંપને નજરોનજર જોયા - અનુભવ્યા પછી આવા પ્રશ્નો ઉદ્ભવે તે અત્યંત સ્વાભાવિક છે. આવું પૂછનારાઓને સંતો - મહાત્માઓ કે સિધ્ધપુરૂષોના સામર્થ્ય અંગે સંદેહ નથી, પણ પોતાની શ્રધ્ધા - આસ્થા યોગ્ય સ્થાને સ્થિર થઇ છે કે કેમ તે વિશે શંકા છે. બનાવટની બોલબાલા અને જૂઠાના જયજયકારવાળી આ દુનિયામાં પોતે યોગ્ય રાહ પર છે કે નહિ તેની તપાસ હરકોઇને કરવી છે. ૨૬મી જાન્યુઆરીએ આવેલા ભૂકંપની ભયંકરતા જ એવી હતી કે તે અનુભવ્યા પછી સાચો ભકત પણ પોતાના ભગવાનને સંદેહભરી નજરે જોતો થઇ જાય. પરંતુ -

- ઉપરોકત પ્રશ્નો પૂછનારાઓ એ હકીકત ભૂલી જાય છે કે સંતો - મહાત્માઓ - શિધ્ધયોગીઓ પણ આખરે તો મનુષ્ય છે. તેઓ પણ ઇશ્વરે સર્જેલી આ સૃષ્ટિનો જ એક અંશ છે. પરમાત્માના સર્વોપરીપણા પર કોઇની સત્તા નથી. ‘બલિયસિ કેવલમ્ ઇશ્વરેચ્છા’નું સૂત્ર અત્રે યાદ અપાવવું આવશ્યક બની રહે છે. ઉદ્ભવ, સ્થિતિ અને સંહાર - ત્રણેયના કર્તા સ્વયં પરમાત્મા છે. કુરૂક્ષેત્રમાં

વિશ્વરૂપના દર્શન કર્યા બાદ " આપ કોણ છો? એવા અર્જુનના પ્રશ્નના પ્રત્યુત્તરરૂપે ભગવાન શ્રીકૃષ્ણ કહે છે; "કાલોસ્મિ લોકક્ષયકૃત પ્રવૃધ્ધૌ... " આ હકીકત દર્શાવે છે કે કર્તા પણ ઇશ્વર છે અને સંહર્તા પણ એ જ છે. તેથી જ, સંતો - મહાત્માઓના સામર્થ્યે કે કર્તવ્ય વિશે કોઇપણ ટીકા - ટીપ્પણ કરવાનું યોગ્ય નથી. વળી, કોઇપણ વ્યકિતને હાર્ટએટેક કે લકવાનો હુમલો થવાનો છે એવી કોઇ તબીબને આગાઉથી ખબર પડી જતી નથી, અલબત્ત - હાર્ટએટેક કે લકવાનો હુમલો થયા પછી જે-તે વ્યકિતની સારવાર તબીબ કરી શકે છે અને ફરી એવા મહારોગના આક્રમણ ન થાય તે વિષેની તબીબી પ્રકિયા પણ શકય છે.

જો કે મહાવિનાશકારી ભૂકંપ જેવી કુદરતી હોનારતો વિષે વિચારીએ ત્યારે એમ લાગે કે આવી ભયંકર હોનારત વિશે અગાઉથી ઇશ્વરીય સંકેતો પ્રાપ્ત કરીને આવનારી આફતને ટાળવા પરમતત્વના આદેશ અને અનુમતિ પ્રાપ્ત કરી તે અંગેની વિધિ કરવા માટે ખૂબ જ ઇચ્ચ કોટિનું સંતત્વ અથવા શ્રેષ્ઠત્તમ સાધના - ઉપાસના જોઇએ. પરમાત્મા સાથે સીધો સંબંધ - ગાઢ સંબંધ ધરાવનાર સબસમર્થ સંત કે ઉપાસક જ આ કરી શકે. નિર્મળ ચરિત્ર, નિઃસ્વાર્થ મન, પરમપ્રેમથી વિભૂષિત હ્રદય અને આધ્યાત્મિકતા ગૌરીશંકર શિખર પર ઉપાસનાનું આસન જમાવ્યું હોય એવી કોઇ વિરલ વિભૂતિ જ ધરતીકંપને શમાવવા જેવું દુષ્કર કાર્ય સાધી શકે.

સહુને સુવિદિત છે કે ૨૬મી જાન્યુઆરીએ કચ્છમાં ભૂકંપના વિનાશક આંચકા આવ્યા તે અગાઉ ઇ.સ ૨૦૦૦ના મિલેનિયમ વર્ષની મધ્યમાં જ ભાવનગરમાં ધરતીકંપના હળવા-ભારે આંચકાઓ અનુભવાયા હતા. તે વખતે ભાવનગર વાસીઓને પણ વસુંધરા પરથી વિશ્વાસ ઉઠી ગયો હતો. કેટલોક વખત તો તેમણે ઘરવખરી સાથે ઘરની બહાર જ ગાળ્યો હતો. ભાવનગરમાંથી મોટાપાયે હિજરત શરૂ થઇ ગઇ હતી. દિવસ-રાત ભૂકંપના દિલધડક આંચકાઓ ચાલુ જ રહયા હતા. એવી પરિસ્થિતિમાં- મા પરમશકિત ગાયત્રી અને અમદાવાદ સ્થિત સદ્‌ગુરૂ પૂ.રાજયોગી નરેન્દ્રજીના શરણાગત એવા કેટલાંક ભાવનગરનિવાસી ભકતોએ ટેલિફોન પર પોતાના સમર્થ સદ્‌ગુરૂને ધરતીકંપની વિકટ સ્થિતિમાં રક્ષણ કરવા અંગેની પ્રાર્થનાઓ પણ કરી હતી. 'તમને કંઇ થશે નહિ, ચિંતા ન કરશો', 'મારા આશીર્વાદ તમારી સાથે જ છે' - એવા ખાત્રીપૂર્વકના આશીર્વચનો ઉચ્ચારતાં પૂ. રાજયોગીજીનું મૃદુહ્રદય કરૂણા અને અનુકંપાથી છલકાઇ જતું. પોતાના વ્હાલા એ રાજવી સંત-બાળના હ્રદયની વ્યાકુળતા પામી ગયેલા મા ગાયત્રીએ ધ્યાનવસ્થામાં પૂ. રાજયોગીજીને ભાવનગરના ભૂકંપનું કેન્દ્રસ્થાન દર્શાવીને ભૂકંપને શાંત કરવા માટેની વિશિષ્ટ વિધિ અને મંત્રોનું દર્શન કરાવી ભૂકંપના સંકટને ટાળવાનો સર્વોચ્ચ આદેશ પણ આપી દીધો!

અમદાવાદથી લકઝરી બસ હ્વારા ભકતો સાથે ભાવનગર પહોંચી પૂ. રાજયોગીજીએ મા પરમશકિત હ્વારા સૂચિત ભૂકંપના ઉત્પત્તિસ્થાન એવા જૂના જર્જરિત તખ્તેશ્વર રેલ્વેસ્ટેશનના સાવ અવાવરૂ એવા સ્થળે માના આદેશનુસાર ભૂમિપૂજનની અને ભૂકંપશમનની સંપૂર્ણ વિધિ કરી. ૧ ચોરસ ફૂટની માપની લંબાઇ - પહોળાઇને ઉંડાઇવાળા જે ખાડામાં આ વિધિ કરવામાં આવી તેને માટીથી પુનઃ સમથળ કરી - તેના પર પાકું ચણતરકામ કરી નાનકડી ઓટલીવાળી દેરી જેવું સ્થાનક કરી દેવામાં

આવ્યું, જેથી તે ખાડામાં પધરાયેલી અભિમંત્રિત પવિત્ર સામગ્રી કોઇ કાઢી ન શકે.

ઉપરોકત વિધિ થયા બાદ ક્રમશ: ભૂકંપના આંચકાઓ હળવા થયાને ધરા શાંત થઇ ગઇ. આ વિધિ થયા પછી બે દિવસ પછીના વર્તમાનપત્રોએ એવા અહેવાલ પ્રગટ કર્યા કે ‘ ભૂકંપનું કેન્દ્ર શોધવા આવેલી નિષ્ણાતોની ટુકડીએ ભૂકંપનું કેન્દ્ર ભાવનગરનું જૂનું તખ્તેશ્વર રેલ્વ-સ્ટેશન છે એવું તારણ આપ્યું છે...”

એક અત્યંત મહત્વની નોંધનીય બાબત તે છે કે તા.૨૬મી જાન્યુઆરીના સમગ્ર ગુજરાતને ધ્રુજાવનારા ધરતીકંપની વિનાશક અસરમાંથી ભાવનગર મુકત રહી શકયું છે... ઉપરોકત હકીકત જો હ્રદય સ્વીકારે તો તખ્તેશ્વરની ૐ મા ૐ લિખિત દેરીએ એક શ્રીફળ વધેરજો, બાપલા !

ઈ.સ. ૨૦૦૦ના, સપ્ટેમ્બર માસની ૨૧મી તારીખે ધ્યાનમગ્ન પૂ. રાજયોગીજીની ભ્રુકુટી મધ્યે અગોચર પરમેશ્વરીનો એક સંકેત સાકાર થાય છે કે: સંભવિત ધરતીકંપની વિનાશકારી અસરમાંથી સંસ્કારનગરી વડોદરાનું પરિત્રાણ કરવાનો... જેમાં વડોદરાના મકરપુરા વિસ્તારમાં સંભવિત ભૂકંપ કેન્દ્રસ્થાન પણ દ્રશ્યમાન થાય છે... અને...

મા પરમશકિતના આદેશને અનુસરવા સદૈવ તત્પર રહેતાં પૂ.રાજયોગી નરેન્દ્રજીનાં અડગ કદમ મંડાય છે વડોદરાની વસુંધરા પર...

વડોદરાના મકરપુરા વિસ્તારમાં સ્થાનિક ભકતો ઉપરાંત અમદાવાદ સૂરત અને આણંદનાં પરમશકિત પરિવારના અનેક શ્રધ્ધાળુ ભકતોની ઉપસ્થિતિમાં મંત્રમય માહોલમાં - ભાવનગરમાં કરી હતી એવી જ ભૂકંપશમનની વિધિ પૂ. રાજયોગીજીએ સંપન્ન કરી ત્યાં ઉપસ્થિતિ કેટલાંક અજાણ્યા લોકોને મન કૌતુક થયું હતું.

વડોદરાના સ્થાનિક ટેલિવિઝને (કેબલ ઓપરેટર ) આ સમગ્ર વિધિ અને પૂ.રાજયોગીજીની પ્રત્યક્ષ મુલાકાતને કેમેરામાં કંડારી લીધી. તે વખતે ટી.વી રિપોર્ટરે પૂછેલા પ્રશ્નોના ઉત્તરમાં પૂ.રાજયોગીજીએ “ ધરતીકંપ દ્વારા હવે વડોદરાને કોઇ જ નુકશાન થશે નહિ ” એવું અભયવચન પણ ઉચ્ચાર્યું હતું.

આજે, એ પ્રસંગને ચારેક મહીના વીતી ગયા બાદ તા.૨૬મી જાન્યુઆરીએ ગુજરાતને ધ્રુજાવી જનારા કચ્છ-ભૂજની ભૂકંપની તીવ્ર અસરોથી વડોદરા પણ દૂર રહયું છે તે ખરેખર સાનંદાશ્ચર્યની જ વાત છે. છેક ભૂજથી ધ્રુજેલી ધરતીએ એક જ પટ્ટામાં આવેલા અમદાવાદ અને સૂરતમાં પણ વિનાશક આંચકા આપ્યા હતા જેની અસર ઠેઠ મુંબઇ સુધી થઇ - તો વચ્ચે વડોદરા કેમ એ અસરમાંથી બાકાત રહયું ?

**શ્રધ્ધાનું એક શ્રીફળ મકરપુરાની ૐ મા ૐ અંકિત ઓટલીએ પણ વધેરવું રહયું.**

✦ ✦ ✦

૧૯૯૯ -૨૦૦૦ના વર્ષો દરમ્યાન માર્ગ અકસ્માતમાં અકાળે મૃત્યુને ભેટેલા અને પ્રેતયોનિમાં પડેલા અનેક મૃતાત્માઓની મુકિત અને ભૂકંપની વિનાશક અસરથી ભૂમિને મુકત રાખવાની મા પરમશકિત પ્રેરિત વિધિ કરતાં રહેલાં પૂ. રાજયોગીજીનું સંતહ્રદય કુદરતની આ ક્રુર ગતિવિધિ નિહાળી કરૂણાથી ભીંજાઇ ગયું હતું. માનવબંધુઓના જીવનપથ પર આવતી આ અકલ્પ્ય વિટંબણાઓનો ઉકેલ શોધવા મથી રહયું હતું તેમનું ક્રાંતિકારી માનસ. પ્રેત અને પૃથ્વી. ભૂત અને ભૂકંપ. આ બંને પડકારૂપ પરિસ્થિતિને

પહોંચી વળવા પૂ. રાજયોગીજીનું મન કોઇ અલૌકિક આધ્યાત્મિક ઉકેલ શોધવા થનગની રહયું હતું. તેથીજ-

મા પરમશકિતએ પોતાના એ નરમયૂરરાજનો થનગનાટ અને સાથોસાથ કરૂણાદ્ર હૃદયનો સાદ જોઇ - સાંભળી **નવરાત્રિની સુદ અષ્ટમીએ બે ગુપ્ત - દિવ્ય મંત્રો પૂ.રાજયોગીજીના ધ્યાનસ્થ લોચનો સમક્ષ ધરી દીધાં** અને પચ્ચીસ - પચ્ચીસ વખત તે મંત્રોનું પુનરાવર્તન કરાવી તેના પ્રત્યક્ષ પ્રયોગો પણ કરાવી દીધાં...

**પ્રથમ મંત્ર પ્રેતમુકિત માટેનો જે નવ અક્ષરનો છે.**

**બીજો મંત્ર ભૂકંપની શાંતિ માટેનો જે તેર અક્ષરનો છે.**

અત્યંત ગુપ્ત એવા આ બંને દિવ્યમંત્રોની પ્રાપ્તિ કરી પૂ. રાજયોગીજીનું મયૂર હૃદય નર્તન કરી ઉઠયું. હવે પ્રેતયોનિ પામેલા આત્માની તત્ક્ષણ મુકિત અને કંપન પામી રહેલી ધરાને તત્કાળ શાંત કરવાના દુષ્કર લાગતાં કાર્યો સરળ અને સહજ હતાં પરંતુ...

મા વેદજનનીએ અર્પેલા ભૂકંપશાતિમંત્રનો પ્રયોગ આટલો વહેલો કરવાનો આવશે તેની ખબર કદાચ પૂ.રાજયોગીજીને ન હતી...

✦ **તા. ૨૬મી જાન્યુઆરી ૨૦૦૧**

કચ્છ - ભૂજમાં આવેલા વિનાશક ભૂકંપના પગલે સૂરતની ધરણી પણ ધ્રુજી ઊઠી. વિદેશનો કાર્યયજ્ઞ પૂર્ણ કરી ૨૨મી જાન્યુઆરીએ જ અમદાવાદ પાછા ફરેલા પૂ. રાજયોગીજી અને પૂ. બહેનજી અગાઉથી જ નિશ્ચિત કાર્યક્રમ અનુસાર અમદાવાદ માત્ર બે દિવસ રોકાઇને કાર્યયજ્ઞ માટે સૂરત પહોંચી ગયા હતા. સૂરતના તેમના ઉતારે જ સવારની સેવા-પૂજા તથા નિત્યક્રમમાં વ્યસ્ત તેમને ધરતીકંપનો ખ્યાલ આવી ગયો હતો. પૂ. બહેનજીએ તૂર્ત જ પૂ. રાજયોગીજીને ભૂકંપશાંતિ માટેનો તેર અક્ષરનો મંત્ર યાદ કરાવ્યો. **ઉતારાની બહાર ખુલ્લા સ્થાનમાં આવી પૂ. રાજયોગીજી ધરતી પર જમણા પગનો અંગૂઠો દબાવી તે મંત્રનું સ્મરણ કરતાની સાથે જ ભૂમિમાં આવેલાં કંપનો શાંત થઇ ગયા. કદાચ - ભૂજ, ભચાઉ, અંજારને અમદાવાદ વગેરેની જેમ જ સૂરતમાં થનારી મોટા પાયાની જાનહાનિ અને માલ હાનિ થતી અટકી ગઇ.**

**ત્યારબાદ માતાજીના સંકેત પ્રમાણે પૂ. રાજયોગીજીએ સૂરત શહેરમાં પણ ભૂકંપ શાંતિ માટેની વિધિ પરિપૂર્ણ કરીને સૂરતને વિનાશકતાના ભયથી મુકત કર્યું.** ભલભલા પથ્થરદિલ માનવીઓના હૃદય પણ દ્રવીને રડી જાય એવા તા.૨૬મીના વિનાશક ધરતીકંપને અનુલક્ષીને પૂ.રાજયોગીજીએ મા ગાયત્રીની કૃપા અને આદેશાનુસાર પોતાની દિવ્ય શકિત અને સામર્થ્ય સાથે ભૂકંપ શાંતિનું જે મહાઅભિયાન આદર્યું તેની વિગતો જોઇએ તો -

✦ **તા.૨૮મી જાન્યુઆરી, ૨૦૦૧ :-** સુરતથી શતાબ્દિ એકસપ્રેસ દ્વારા અમદાવાદ આવી પહોંચેલા પૂ.રાજયોગીજીમાં ધર્મયુધ્ધ ખેલવા તૈયાર થયેલા કોઇ વીરયોધ્ધા જેવી ખુમારી અને તરવરાટ સાથે પવિત્ર લોચનોમાં કરૂણ આદ્રતા છલકાતી હતી. અમદાવાદના રેલ્વે-સ્ટેશને તેમનું સ્વાગત કરવા આવેલા ભૂકંપથી વ્યથિત ભકતોને તેમણે કહી દીધું :- **“ચિંતા ન કરશો. હવે હું આવી ગયો છું. હવે અમદાવાદમાં કંઇ થશે નહિ. ”**

✦ તા.૨૮મી જાન્યુઆરી, ૨૦૦૧ના રોજ પોતાના નિવાસસ્થાન એવા ' શ્રધ્ધા 'ની કુટિરમાં સાંજે ઝૂલા પર બેઠેલા પૂ. રાજયોગીજીના શબ્દો ભકતોના હૃદયને કૃપા કરૂણાથી ભીંજવી રહયાં હતાં. **" માતાજી મને આદેશ આપશે તો હું ભૂજ જઈને પણ ભૂકંપશાંતિની વિધિ કરીશ પરંતુ પહેલાં મારે અમદાવાદને ભૂકંપના ભયથી મુકત કરવું છે."**

✦ **તા. ૨૯મી જાન્યુઆરી,૨૦૦૧ :- મા પરમશકિત ગાયત્રીના સંકેત પ્રમાણે અમદાવાદમાં સરખેજ - ગાંધીનગર હાઇ-વે પર ઇસ્કોન મંદિરથી આગળ આવેલા એક ખેતરમાં સાંજે ૪-૦૦ વાગે ભકતવૃંદ સાથે પૂ.રાજયોગીજીએ ૧ ફૂટના લંબાઇ-પહોળાઇ-ઉંડાઇવાળા ખાડામાં પવિત્ર પદાર્થોને અભિમંત્રિત કરી - પધરાવી - ભૂકંપશાંતિની વિધિ કરી.** વિધિ સંપન્ન થયા બાદ તે સ્થળે પાકું ચણતર કરી નાનકડી ઓટલી બનાવવામાં આવી. અમદાવાદમાં ભૂકંપના આંચકાઓ હળવા થતાં ગયાં.

✦ **તા. ૩૧મી જાન્યુઆરી, ૨૦૦૧ :- પૂજા દરમ્યાન ધ્યાનવસ્થામાં પૂ. રાજયોગીજીને મા પરમશકિતએ ભૂજ જઇ ભૂકંપશાંતિની વિધિ કરવાનો સંકેત આપી ભૂજમાં કયા સ્થળે આ વિધિ કરવી તે ભૂજ પહોંચ્યા પછી ધ્યાનમાં દર્શાવીશ એમ જણાવ્યું.** અને- મા ગાયત્રીના શિસ્તબધ્ધ સૈનિક એવા પૂ. રાજયોગીજી કચ્છની ધ્રુજતી ધરાને શાંત કરવા ભૂજ તરફ પ્રયાણ કરવા સાબદા થયા. પૂ. બહેનજી અને શ્રધ્ધાકુટિરના ૨૭થી૨૮ જેટલા યુવાનો પણ પૂ. રાજયોગીજી દ્વારા યોજાયેલા આ આધ્યાત્મિક અભિયાનમાં જોડાયા. તા. ૧લી ફેબ્રુઆરી. ૨૦૦૧ની વહેલી પરોઢે ૫-૪૫ 'સ્વામિનારાયણ ટ્રાવેલ્સ' ની લકઝરી બસે ભૂજની દિશામાં આગેકૂચ શરૂ કરી ત્યારે બસમાં ઉચ્ચારાતાં પવિત્ર શ્લોકોએ વાતાવરણને માંગલ્ય પ્રદાન કર્યું.

કચ્છમાં પ્રવેશ કરવા માટેના સીધા રસ્તા પરનો સૂરજબારીનો લાંબો પુલ ભૂકંપના કારણે તૂટી ગયો હોવાથી મોટા-ભારે વાહનો માટે તે માર્ગ બંધ કરી દેવામાં આવ્યો હતો. તેથી વિરમગામ અને રાધનપુરમાં આવશ્યક અલ્પકાલીન વિરામ કરીને જયારે બપોરના ૨-૩૦ વાગ્યે લઝકરી બસે કચ્છમાં પ્રવેશ કર્યો ત્યારે ભૂકંપે કરેલા વિનાશક તાંડવથી સર્જાયેલી ખુવારી નજર સમક્ષ આવવા લાગી. આડેસરથી શરૂ કરીને સામખિયાળી, ભચાઉ, અંજાર ઉપરાંત ધોરીમાર્ગની બંને બાજુએ આંખ સામેથી પસાર થતાં નાનકડા ગામોમાં ધરતીકંપે સર્જેલી તારાજી-તબાહી-મકાનોમાં કાટમાળ-ધરાશાયી ઇમારતો-વાતાવરણમાં પ્રસરેલી ગમગીની-બળતી ચિતાઓની વાસ વગેરેથી બસમાં બેઠેલાં યુવાનોના કઠણ હૃદય પણ કંપી ગયાં તો પૂજય રાજયોગીજીના સંતહ્રદયમાં ને આદ્રલોચનોમાં છલકાતી કરૂણાની તો વાત જ શી કરવી? મહાવિનાશકારી એ ભૂકંપે અકાળે જ કાળના ખપ્પરમાં અનેકાનેક મનુષ્યો સહિત અબોલ પશુ-પ્રાણીઓને પણ હોમી દઇને જે સંહારલીલા કરી હતી તેનું દર્શન કર્યા પછી તેનું આબેહુબ વર્ણન કરવાની તાકાત નિ:શબ્દ આંખ કે સ્તબ્ધ મન કયાંથી લાવે? મૃત્યુના ગાંભીર્યનું ઊંડાણ વાણી કરતાય મૌન દ્વારા વર્ણવવું જ વધુ યોગ્ય છે.એટલે જ-

અમદાવાદથી ભૂજ પહોંચ્યા સુધી યુવાન ભકતો વચ્ચે કંઇક અનેરી પ્રસન્નતાથી મુખરિત રહેલા અને **હળવાશ અનુભવી રહેલા પૂ. રાજયોગીજી ભૂજને અડીને આવેલા માધાપરમાં લઝકરી બસ પ્રવેશતાં જ પુન: ગાંભીર્યમાં સરી ગયા. હંમેશનું મિતભાષીપણું ધારણ કરીને કદાચ મા પરમશકિત સાથે મનોમન દિવ્ય સંપર્ક પ્રસ્થાપિત કરી રહયા હોય એ રીતે તેઓ વારંવાર ધ્યાનમગ્ન થવા લાગ્યા.**

માધાપર ભૂજથી લગભગ ચારેક કિ.મી.ના અંતરે છે. શ્રધ્ધાકુટિરના ભકત શ્રી હેમંતભાઇ ઉપાધ્યાય છેલ્લા બે વર્ષથી અહીંની એક બેંકમાં ફરજ બજાવે છે. તા. ૨૬મી જાન્યુઆરીએ તેમણે અને તેમના ધર્મપત્ની જયાબહેને વિનાશક ભૂકંપની તીવ્રતાનો-ધ્રુજારીનો જાત-અનુભવ અહીં કર્યો હતો. એટલું જ નહિ, ધરતીકંપથી સર્જાયેલી તબાહી-તારાજી નજરોનજર નિહાળ્યા બાદ પરગજુ અને સેવાભાવી એ બ્રાહ્મણ દંપતીએ તત્કાળ માધાપરની ગાયત્રી શકિતપીઠમાં ભૂકંપપીડિતોની સેવા-સુશ્રુષા માટેનો કેમ્પ શરૂ કરી દીધો હતો. આપતકાલે પણ કિંકર્તવ્યમૂઢ થયા વગર નિર્ણયશકિત દ્વારા તરત જ ભૂકંપગ્રસ્ત માનવબંધુઓની સેવા કરવા રાહત-કેમ્પ શરૂ કરી માનવતાનું એક યાદગાર ઉદાહરણ પુરૂં પાડનાર એ સેવાભાવી યુગલની સેવાભાવનાને સલામ કરવી જ પડે.

હેમંતભાઇને ઘણાં સમયથી એવી સદ્‌ભાવના હતી કે પૂ. ગુરૂદેવ રાજયોગીજી શ્રધ્ધાકુટિરના ભકતો સાથે ભૂજ પધારે. કચ્છની ધરતી પર એ કર્મશીલ સંતના પવિત્ર કદમ મંડાય તો અનેક સંકટો ટળી જાય. કાશ...હેમંતભાઇની એ ઇચ્છા ૨૬મી જાન્યુઆરી પહેલાં જ પૂરી થઇ ગઇ હોત...તો...ભૂજને છોડીને ભૂકંપને કોઇ બીજું ઘર શોધવું પડયું હોત...પરંતુ...

નિર્માણ કંઇક જુદું જ હતું આજે પૂ. રાજયોગીજી ભૂજ પધાર્યા હતા પણ પરિસ્થિતિ બદલાઇ ગઇ હતી. આજે તો કેવળ વિનાશની વચ્ચે આશની એક જયોત જલાવવા એ જયોર્તિધરનું આગમન કચ્છમાં થયું હતું. એટલે તો માધાપરના આંગણે હેમંતભાઇ, હરિસિંહભાઇ પરમાર વગેરે અને ગાયત્રી પરિવારના અન્ય ભકતો દ્વારા પૂ.રાજયોગીજીનું કરવામાં આવેલું સ્વાગત પણ સાદગીભર્યું હતું. ઉપરાંત, ભોજન-પ્રસાદને પણ ગૌણ ગણીને ભૂકંપશાંતિની વિધિને જ પ્રાથમિકતા આપવામાં આવી હતી.

માધાપરથી પૂ.રાજયોગીજી અને બહેનજી હેમંતભાઇની કારમાં બિરાજયા હતાં. શ્રીપરમારસાહેબની પોલીસ-જીપ પણ સાથે હતી. લકઝરીબસ પૂ.રાજયોગીજીના કદમ સાથે કદમ મિલાવતી તેમને અનુસરતી હતી.

**ભૂજમાં પ્રવેશતાં જ ભૂકંપશાંતિની વિધિ માટે મા પરમશકિતએ પૂ. રાજયોગીજીને પ્રેરેલા સ્થળનું નામ હતું- સિલ્વર પાર્ક.** આશ્ચર્યની વાત હતી કે ભૂજના સ્થાનિક લોકોને પણ આ સ્થળ વિશેની કોઇ ચોક્કસ માહિતી ન હતી. **સાંજના ૪ થી ૫ એમ એક કલાકની શોધખોળ પછી મા વેદજનનીએ ચીંધેલા એ સ્થાનની પ્રાપ્તિ થઇ ત્યારે ત્યાં ઉપસ્થિત સહુને પરમેશ્વરી અને પૂ.રાજયોગીજીના દિવ્ય સંપર્કોનો પ્રત્યક્ષ ખ્યાલ આવ્યો.**

**સિલ્વર પાર્ક નામના શહેરથી દૂર આવેલા એ રેતાળ મેદાનમાં ઇલેકટ્રીકના ભારે દબાણના તારવાળા લોહસ્થંભ સિવાય અન્ય કોઇ બાંધકામ થયેલું જ નહોતું.** હા, એ મેદાનથી થોડે દૂર કેટલાંક મકાનો હતાં. ભૂકંપોના ભયથી તંબૂઓમાં રહેતાં એ મકાનોના રહેવાસીઓ પણ વાહનોનો મોટો કાફલો નિહાળી કુતુહલવશ ત્યાં દોડી આવ્યા હતાં.કાર અને જીપ તો એ મેદાનમાં પ્રવેશી શકયા, પરંતુ લકઝરી બસના ચાલાકે બસને એ રેતાળ મેદાનમાં લઇ જવાનો સાફ ઇનકાર કર્યો. કારણ કે, તે પોતે ભૂજનો જ રહેવાસી હોવાથી અહીંની ધરતીથી પરિચિત હતો. તેને ભય હતો કે જો લકઝરી બસ એ રેતાળ મેદાનમાં પ્રવેશે તો બસના ભારેખમ ટાયરો જમીનમાં ખૂંપી જાય! આ ઉપરથી તે જમીન કેટલી પોચી અને રેતાળ હશે તે સમજી શકાય તેવું છે.

**મા વેદજનનીના માત્ર હાથનું પ્રત્યક્ષ દર્શન કરીને એ કરૂણાસભર મૃદુ કરકમલ દ્વારા કરવામાં આવેલા નિર્દેશ પર પૂ. રાજયોગીજીએ ઊભા રહીને જગ્યા બતાવી.** શ્રધ્ધાકુટિરના યુવાનો અને ભૂજના સ્થાનિક લોકોના સહિયારા યત્નથી તે જગ્યા પર ઉગી નીકળેલા ઝેરી વનસ્પતિના છોડ-ઝાંખરાને દૂર કરવામાં આવ્યા. તેમ છતાં ય એ ઝેરી વનસ્પતિના ધરતીમાં ઊંડા ઊતરી ચૂકેલા મૂળ તો યથાવત જ રહયાં. એક ફૂટની લંબાઇ-પહોળાઇ અને ઊંડાઇવાળો ખાડો ખોદવામાં વધુ મહેનત કે ઓજારની જરૂર પણ ન પડી. માત્ર હાથથી ખોદવાથી જ રેતાળ જમીનની રેત બહાર નીકળી જતી હતી. ખાડાની બરાબર મધ્યમાં રહેલાં ઝેરી વનસ્પતિના મૂળિયાને બંને હાથે પકડી-વાળી-વળ ચડાવી ખેંચવાના પ્રયત્નો કરવામાં આવ્યા. ભીનાશવાળા એ મૂળિયાંની કડવાશ કેટલી હતી એ કોઇ પૂછશો જ નહિ!

**ખાડો ખોદાઇ ગયા બાદ પૂ. રાજયોગીજીએ તેમાં કપચી, ગુંદર, કોલસો, તાંબાનો કળશ અને જલ અભિમંત્રિત કરી પધરાવી ભૂકંપશાંતિ માટેની મંત્રમય વિધિ કરી. તેમની આસ-પાસ વર્તુળાકારે ગોઠવાયેલા ભકતોએ એ વિધિ દરમ્યાન સતત પરમશકિતમંત્રના નાદથી વાતાવરણને ભરી દીધું. વિધિ સંપન્ન થયા બાદ ઇંટો-સિમેન્ટ અને રેતીથી પાકું ચણતર કરી ત્યાં ઓટલી બનાવી તેના પર ૐ મા ૐ એ પરમશકિત મંત્ર અંકિત કરવામાં આવ્યો.**

દરમ્યાનમાં પૂ. બહેનજીએ ત્યાં એકત્રિત થયેલા સ્થાનિક રહેવાસીઓને ભાવનગર, વડોદરા, સુરત તથા અમદાવાદમાં પૂ. રાજયોગીજીએ કરેલી ભૂકંપશાંતિની વિધિનાં ઉદાહરણો સાથે આ વિધિનો મહિમા તથા પરિણામો વિશે સમજ આપી. પૂ. રાજયોગીજી અને મા ગાયત્રીની છબીવાળા નિત્યદર્શન તથા આધ્યાત્મિક કેડીના અંકોની વહેંચણી પણ કરવામાં આવી. ભૂકંપથી ત્રસ્ત ભૂજના રહેવાસીઓની આંખો છલકાઇ ગઇ. તે સહુની એક જ પ્રાર્થના હતી કે જે બનવાનું હતું તે ભલે બની ગયું પણ હવે પછી ફરી આવો ધરતીકંપ ન થાય. **પૂ.રાજયોગીજીએ ફરી આવો વિનાશક ભૂકંપ આવશે નહિ એવી આશીર્વાદપૂર્વકની હૈયાધારણ ભૂજ-કચ્છના લોકોને આપી.**

મુખે ગાયત્રીમંત્ર અને આંખમાં છલકાતાં અશ્રુઓ સાથે ત્યાં લોકોએ એ જ વખતે ૐ મા ૐ અંકિત ઓટલી પર નાનકડી દેરી બનાવવાનું કાર્ય આરંભી દીધું. તે વખત ઢળતી સંધ્યા પણ કેટલી સૂની અને દર્દભરી હતી એ તો ત્યાં હાજર હોય તે જ જાણી શકે. અંધકારના ઓળાઓ ઉતરતાં જતાં હતાં. સૂરજ મહારાજે કયારની વિદાય લઇ લીધી હતી.

ગાયત્રી શકિતપીઠના ભકતો દ્વારા હેમંતભાઇ ઉપાધ્યાયે અમદાવાદના ભકતો માટે કચ્છી ખીચડી-શાક અને છાશના પ્રસાદનું આયોજન કર્યું હતુ. સહુએ સાથે મળીને પ્રેમપૂર્વક એ પ્રસાદ આરોગ્યા બાદ બરાબર ૮-૩૦ વાગ્યે પૂ. રાજયોગીજી સાથે લકઝરી બસમાં શ્રધ્ધાકુટિરના ભકતોને હેમંતભાઇ વગેરેએ ભાવભીની વિદાય આપી.

છ-છ દિવસથી રાત્રે અંધકારમાં કણસતાં રહેલા કચ્છમાં તે જ, દિવસે વિદ્યુત પ્રવાહ પુન: કાર્યરત થયો હતો. રાત્રિના કાળમીંઢ અંધકારમાં રસ્તાની બંને બાજુએ ગામડાંઓ અને શહેરોમાં વિદ્યુતપ્રવાહથી પ્રસરેલો ઝગમગાટ દ્રશ્યમાન થતો હતો. પારદર્શક અશ્રુઓના ઝબકાર જેવો જ. લકઝરી બસમાં જ બેઠા-બેઠા સહુએ પરમશકિતમંત્રના જાપ અને માતાજીની આરતી તથા નિત્યસ્મરણ કર્યાં. આખા દિવસના પરિશ્રમથી શ્રમિત થયેલા સહુ એ સ્લીપર કોચમાં જંપી ગયા. વહેલી પરોઢે હજુ તો

ભળભાંખળું થયુ હતું તેવા સમયે લકઝરી-બસ અમદાવાદના વાસણા વિસ્તારમાં આવેલી યોગેશ્વરનગર સોસાયટીના પ્રવેશદ્ધારે આવીને રહી ગઇ.

કચ્છ-ભૂજની ભૂમિ ભૂકંપના ભયથી મુકત થઇ છે. જો કે બે-ચાર દિવસના અંતરે હળવા આંચકાઓ હજુ ય અનુભવાય છે. સસ્તી લોકચાહના પ્રાપ્ત કરવા જયોતિષીઓ વિનાશક ધરતીકંપની આગાહીઓ કરીને કરીને નિર્દોષ પ્રજાને ભયભીત કરી દે છે. અફવાઓનું બજાર ગરમ છે. આવી આગાહીઓ અને અફવાઓનું ખંડન કરવા અને લોકોને ભયમુકત કરવા -

**મા પરમશકિત ગાયત્રીએ તા. ૬ઠ્ઠી ફેબ્રુઆરીએ ધ્યાનમગ્ન રાજયોગીજીને એક હૈયાધારણરૂપ લખાણ વંચાવ્યું :**

**- કચ્છમાં બે-ત્રણ વર્ષ બાદ ભૂકંપના હળવાં આંચકા આવશે, પણ કોઇ જાનહાનિ થશે નહિ.**

**- અમદાવાદમાં આવનારા ૩૫ વર્ષ સુધી કોઈ વિનાશક ભૂકંપ આવશે નહિ.**

**મા જગજનનીએ ધ્યાનવસ્થામાં કરાવેલી આ દિવ્ય અનુભૂતિ અને હૈયાધારણથી પૂ.રાજયોગીજીનું હ્ૃદય પ્રસન્નતાનો અનુભવ કરવા લાગ્યું.**

આ લખાય છે ત્યારે પણ પૂ. રાજયોગીજીની સેવા-યાત્રા ચાલુ જ છે. ધરતીકંપમાં મકાનોના કાટમાળ નીચે દબાઇને મૃત્યુને વરેલા મૃતાત્માઓની પ્રેતયોનિમાંથી મુક્ત કરવાનું મહાઅભિયાન તા.૧૩મી ફેબ્રુઆરીથીજ પૂ. રાજયોગીજીએ આરંભી દીધું છે. મા ગાયત્રીએ અર્પેલા ૯ અક્ષરના પ્રેતાત્મામુકિતમંત્રથી અભિમંત્રિત જલનો અસરગ્રસ્ત સ્થળે છંટકાવ કરી અકાળે મુત્યુને વરેલા આત્માઓને સદ્ગતિ આપવાનું સેવાકાર્ય અમદાવાદથી શરૂ થયું છે. મા વેદજનનીનો આદેશ અને સંકેત થશે ત્યારે પૂ,રાજયોગીજી પુન: એકવાર ભૂજ-કચ્છની ધરતી પર કદમ માંડીને ત્યાં પણ પ્રેતાત્મામુકિતનો આ સેવાયજ્ઞ આદરશે, એવું સ્વયં રાજયોગીજી જણાવે છે.

ભારતના વર્તમાન વડાપ્રધાન શ્રી અટલબિહારી બાજપાઇએ તા. ૨૭મી જાન્યુઆરીએ NCCના એક કાર્યક્રમમાં ઉચ્ચારેલા શબ્દો અત્રે ટાંકવાનું મન થાય છે :

“ અનાદિકાળથી આજપર્યંત મનુષ્ય કદી હાર્યો નથી. અનેક મહાઆપત્તિઓ અને સંકટો વચ્ચે પણ તે ઝઝૂમતો રહયો છે. આપણે વિનાશમાંથી ફરી સર્જન કરીશું. ભૂકંપમાં જે-જે ગામો અને શહેરો નાશ પામ્યા છે તેને ફરીથી વસાવીશું. ફરી જીવન નિર્માણ કરીશું. કારણકે... માણસ કદી હાર્યો નથી.” ખરેખર, જીજીવિષા જ મનુષ્યનું પ્રેરક બળ છે. તેમાં પણ અફાટ સમુદ્રમાં દેખાતી દીવાદાંડી સમા પૂ. રાજયોગીજી જેવા માનવસેવાના આધ્યાત્મિક જયોતિર્ધરો માનવજાત પાસે છે, સાચા સંતો અને પ્રેમાળ પરમહંસોની ઓથ છે, માનવહ્ૃદયમાં સંકટો સામે ઝઝૂમવાની હામ છે. ત્યાં સુધી ખરેખર મનુષ્ય હારવાનો નથી જ. શાયર ગની દહીંવાલાની પેલી પ્રખ્યાત પંકિતઓ અહીં ઉધ્ધૃત કરીને વિરમું છું:

મારી ખુશીના સાધનો ઝૂંટવી લઇ ગયું જગત,<br>
તો યે પ્રસંગોપાત આ જીવન પર હસી ગયો;<br>
ભાગ્યની ભીંસ ! તું તારી ફરજ બજાવજે,<br>
હું ડગું તો જાણજો-હિમગિરિ ખસી ગયો!

**।। ૐ મા ૐ ।।**

(૪) કચ્છનાં કાઢયાં કડવાં મૂળ...

કચ્છનાં કાઢયાં કડવાં મૂળ...
કંપન દૂર કીધાં ભૂમિનાં, શેષ તણા શિરશૂળ... કચ્છનાં...

કાં કૈલાસપતિએ તાંડવ કીધું ધરીને ત્રિશુળ,
કાં ધરતીએ કોપી જઈને કર્યું બધું ધૂળ-ધૂળ... કચ્છનાં...

ભૂજ-ભચાઉ-રાપર ધ્રુજયું ધરા થઈ પ્રતિકૂળ,
વાગડને વઢવાણ-અંજારમાં કાળ થયો બહુ ક્રુર... કચ્છનાં...

ભાવનગરનો ભૂકંપ ભૂલાયો વિસરાયું લાતુર,
કુદરત રૂઠી એવી કચ્છમાં પડ્યાં પડ્યાં દૂર-દૂર... કચ્છનાં...

કંપ્યું કાળજું માત-મયુરનું ઉમટયાં કરૂણાપૂર,
અમદાવાદની અસ્થિર અવનિ કીધી સ્થિરને સબૂર... કચ્છનાં...

ભાવનગરની વળી વડોદરાને સૂરત કર્યું અનુકૂળ,
રાજહૃદય કહે માત બતાવો કચ્છના કંપનુ મૂળ... કચ્છનાં...

(-તો કચ્છનાં કાઢું કડવાં મૂળ...)

ધ્યાનમાં હેતની હાકલ થૈ ત્યાં ઉડયો માતનો મયૂર,
ભૂજ-ભૂમિનાં તાપ મિટાવી કર્યું રક્ષા-વર્તુળ... કચ્છનાં...

'મુંજ' વિનવતો માત-બાળ હવે જરી ના રહેશો દૂર,
ધીરજ ગુમાવે ધરતી ત્યારે કરજો કૃપા ભરપૂર... કચ્છનાં...

*-મુંજાલ દવે 'મુંજ'*

## (૫) ભૂકંપનો ભોગ બનેલ મૃતાત્માઓ માટે....

પૂજય રાજયોગી નરેન્દ્રજીના અનુકંપાશીલ હૃદયમાં ભૂકંપનો ભોગ બનેલા અને અકાળે મૃત્યુના પંજામાં સપડાઇ ગયેલા મૃતાત્માઓની શાંતિ અને મુકિત માટે અભિયાન આદરવાનો સંકલ્પ તો ૨૬મી જાન્યુઆરીના કચ્છ,ભૂજ- સૌરાષ્ટ્ર અને અમદાવાદના સમાચાર જાણ્યા ત્યારથી જ કર્યો હતો. કેટલા મૃતાત્માઓ મુકિત પામ્યા તેની ખાત્રી પૂજયશ્રીને કેવી રીતે થાય તેની મૂંઝવણ મનમાં અનુભવાતી હતી.

**પૂ.માતાજીએ રાજબાળની મૂંઝવણના નિવારણ માટે તા ૧૨-૨-૨૦૦૧ના રોજ દિવ્યદ્રષ્ટિથી પટ્ટી પર લખાણ વંચાવ્યું કે " નવ અક્ષરના મંત્રનો ઉપયોગ જે પટના એરપોર્ટ પર કર્યો હતો, તે મંત્રનો ઉપયોગ કરવો. સમય હોવાથી જળ અભિમંત્રિત કરીને છાંટવું."** પૂજયશ્રીના મનની મૂંઝવણ દૂર થતાં જ અને માતાજીનું દિવ્ય માર્ગદર્શન મળતાં **તા.૧૩-૨-૨૦૦૧થી અમદાવાદના વિવિધ વિસ્તારોમાં ફરીને મૃતાત્માઓની શાંતિ અને મુકિતનો કાર્યયજ્ઞ સેવાયજ્ઞ કરી રહયા છે.** મૃતકોની જીવનના છેલ્લા શ્વાસવેળાએ રહી ગયેલી અતૃપ્ત વાસના-ઈચ્છાઓ જેવી કે,

(૧) પાણી પીવાની ઈચ્છાથી હાથનો ખોબો ધર્યો હોય.
(૨) શાંતિપાઠ કરતા હોય
(૩) શિવોહમ્ બોલતા હોય

મૃતકોની અતૃપ્ત ઈચ્છાની પૂર્તિ અર્થે પૂજયશ્રીએ છ મૃતકોને પાણી પીવરાવ્યું. શાંતિપાઠ અને શિવોહમ્‌ના અવાજો જે જગ્યાએ સૂક્ષ્મરૂપે સંભળાતા હતા ત્યાં આગળ શાંતિપાઠ અને શિવોહમ્‌ના મંત્રોચ્ચાર કર્યા અને અતૃપ્ત આત્માઓને મુકિત આપી. **("શાંતિપાઠ"માં એક બહેનનો અવાજ અને "શિવોહમ્" માં એક ભાઈનો અવાજ સૂક્ષ્મરૂપે સંભળાતો હતો.)**

અનૂકુળતાએ પૂજયશ્રી કચ્છ, સૌરાષ્ટ્ર વિસ્તારમાં પણ આ શાંતિ અને મુકિત યજ્ઞનું અભિયાન પ્રસરાવવા વિચારી રહયા છે.

**।। ૐ મા ૐ ।।**

(૬)

## અમને કોઇ જગાડો !

તા.૧૮/૨/૨૦૦૧

**અ**મે તો
અવનિના અંધારા ઓઢી
સાવ અકાળે
આંખ મીંચીને સૂતા
અમને કોઇ જગાડો !
અમને કોઇ જગાડો
ખાડામાંથી
સ્વપ્નોના આ કાટમાળની
તરડાતી-ખરડાતી કાળીમીંઢ તિરાડોમાંથી
અમને કોઇ જગાડો!
સહુને ધરતી ધરતીએ પણ
મસ્તક એનું આમ ધૂણાવી - તેમ ધૂણાવી
ધરાર અમને ધરવાનો ઇનકાર કર્યો છે
નકર અમારા હોવાનો આ
જરી જેટલો ભાર
પરંતુ
અટકી ગઇ છે સાવ અચાનક
શ્વાસોની આ વણથંભી વણઝાર
કાળના બાવળ વનમાં !
અરે, કોઈ તો બાવળવનમાં
જીવનજળના અમી છાંટણાં કરી
અમારી તરસ નામની આગ બૂઝાવી
હોઠ ઉપરથી શબ્દબ્રહમની પોઠ ઉપાડી
પરમધામમાં કો'ક પૂગાડો
અમને કોઇ જગાડો !
વસુંધરાએ હૈયું કૂટી
આ કેવું હાલરડું ગાયું ?
અને થાનમાં શું ખૂટયાં'તાં દૂધ -
કે અમને ધરાઇ જઇએ એવું
માત ! હળાહળ પાયું !
અમે તમારી જેમ જ
'મા'ના સાવ જ નિર્ભય ખોળે રમતાં
બાળ હતાં
પણ
રમતાં-રમતાં રણ આવ્યું ને
મમતા ખૂટી.
ફૂટી સાવ અચાનક
સ્પર્શભીની આ હથેળીઓમાં
મોત નામની ઘાત
ઘાતમાં એવી ઘેરી રાત
માત પણ શું જાણે કે
કયાં બાળક કચડાયું ?
પટપટતી કોઇ બે મહીનાની આંખો પૂછે:
કયાં ધાવણ ધરબાયું?
કેવું આ હાલરડું ગાયું !
ભલે અમારૂં દેખાવું ભૂતકાળ થયું હો!
અમને
અરમાનોના કાટમાળને અડી જવા દો
સંબંધાના સચવાયેલા અવશેષોને
હૈયે ચાંપી ખુલ્લાં મનથી રડી જવા દો
અમને ચણિતરોનાં નામ દઇને
અહીંથી કેમ ભગાડો?
અમને કોઇ જગાડો!

અમે હતાં ' **ન હન્તવ્યાઃ**'
ક્રૌંચ-યુગલની માફક.
તો યે
સનનન વાગ્યું તીર - અમારા શ્વાસ છેદતું
રેત-ચુનાને પથ્થરના આ
સાવ અડાબીડ વનમાં
પામ્યા ઓચિંતો વનવાસ-સીતાનો રામ શોધવા.
કયાક કોઇ બાકોરામાંથી
સંભળાતાં અજવાસ ઉપરથી
રામરાજની આશ ધરીને
અમે થયા'તાં લાશ
' હાશ'ની નૌકા ડૂબી!
વૈદેહી તો વસુંધરામાં સમાઇ જાશે
કિન્તુ
પેલી-રામ વગરની-કૌશલ્યા કયાં જાશે ?
ગર્ભવતી સોહાગણ કાજે
રામાયણના પુંસ્કોકિલ કાજે
આશ્રમ કોઇ ઉઘાડો!
અમને કોઇ જગાડો!
છો ને ઉપર હતાં ચાંપતાં
તૂટી પડેલાં પાષાણોના
લોહ-મઢેલાં પહેરા
તો યે
પલકે-પલકે છલકી જાતી
આંખ મહીં ડોકાઇ ગયાં'તાં
પાંપણમાં ભોંકાઇ ગયાં'તાં
એક જ પળમાં પાર વગરના ચહેરા!
અંતે
પાંખો થઇને- ઝાંખો થઇને
સાવ ભૂંસાયો સ્મરણોનો એ દેશ
પછી તો
અમે ય લીધો સાવ અજાણ્યો વેશ
કાળની અગન પિછોડી ઓઢી
પોઢયાં જઇ પાતાળે.
દંડ-છત્ર ને ધરી કમંડળ
બલિ-દશાના ઉંડાણેથી
કાશ્યપ કોઇ ઉઠાડો!
અમને કોઇ જગાડો!
ખળખળતાં ખળખળતાં અમને
ખળભળવાનો શાપ મળ્યો કે?
ઝળહળતાં અમ જીવનપથને
ટળવળવાનો શાપ કે?
લાગી આમ અચાનક લ્હાય
લ્હાયમાં કંઠસૂકાતાં જાય-કોઇ ધાજો રે ધાજો!
અમારૂં તરસ નામનું સપનું પણ કરમાય
ધરાની સાથે સાથે
અમી તરસતું અંતર પણ તરડાય-કોઇ પાજો રે પાજો!
દેહ લટકતો-જીવ ભટકતો
કયાંક **શિવોડહમ્** સૂકાઇ જાય-કોઇ ગાજો રેગાજો!
તૂટી ગયેલી જીવન-વીણાનાં તાર
હવે તો છેડો કોઇ
અને
કાળના કંપનમાં ખોવાઇ ગયેલો
જીવન નામનો અતિમધુરો રાગ
વાંસળી છેડી રાજ વગાડો!
અમને કોઇ જગાડો!
અમને રાજ જગાડો!
અમને આજ જગાડો!

*-મુંજાલ દવે ' મુંજ '*

## (૭) હું આવ્યો છું

*તા.૨૨/૨/૨૦૦૧*

જખમાં
તારા કાજે
ખળખળનું એક ગીત
ભરીને
શ્વાસોનું સંગીત
લઇને હું આવ્યો છું
તારા કાજે!
હું આવ્યો છું
અવનિના અંધારા છોડી
ઉરની આંખ ઉઘાડી
ઉપર એક નજર તો નાંખ
આંખથી મળી જશે જો આંખ
ફૂટશે પાંખો તુજને
અને
તૂટશે રાખ થયેલા પંચતત્વની બેડી
કેડી નવજીવનની
કંડારીને હું આવ્યો છું
તારા કાજે.
આ આકાશ છે આ ધરતી છે
ઓટ છે આ ને આ ભરતી છે
આ અજવાસ ને અંધારૂ છે
આ તારૂં ને આ મારૂં છે
મરતલોકનાં ભેદભરમનાં
મને-શિવને-બંધન કેવાં ?
આ તો તુજને
સંબંધોનાં બંધનથી
છોડાવીને
મુકત-મસ્ત-નિર્બંધપણાનો
પરચો દેવા આવ્યો છું હું
તારા કાજે!
હું ને તું તો
યુગો-યુગોથી
સંતાકૂકડી રમતા-રમતાં
એક-મેકમાં મળી જવાનાં
ભળી જવાના કોઇ ક્ષિતિજે
જગ જેને **સારુપ્ય** કહે છે.
નોખાં-નોખાં
તો ય
આપણે સાવ અ-નોખાં
અને છતાં યે
મસ્તી
તારી કચડી
બેઠાં
આ પથ્થરનાં ઢળી પડેલાં ખોખાં ?!
પથ્થરના એ ઢગલે-ઢગલે
ધરબાયેલું સર્જન મારૂં
પગલે-પગલે નર્તન કરતો
આજ
શોધવા આવ્યો છું હું
તારા કાજે...!
કોણ તને કચડી શકવાનું ?
કોણ તને પકડી શકવાનું?

ભૂમિ-વ્યોમ-વાયુ-જળ-અગ્નિ
કોણ તને જકડી શકવાનું?
અસ્ત્ર-શસ્ત્ર કે વસ્ત્ર
તને ના
છેદી-ભેદી-ઢાંકી શકશે
રાખી શકશે કેવળ તારૂં નામ
સ્મરણમાં
કહી **मामकाः** જેને તું
ત્હારા માને
પ્યારા માને
કિન્તુ તારી
સાવ અકાળે
કચડાયેલી-ખરડાયેલી
રકતનીંગળતી
દેહ નામની દુર્ગંધાતી દોલતનો
એકાદો વારસ
તેં જોયો છે?
મેં જોયો છે.
જગ બાળીને ટાળી નાંખે
એ જ ભભૂતી તુજ કાયાની
મુજ અંગે ચોળીને
મેં તો
યુગો-યુગોથી
વાટ જોઇ છે તારી
મારા ' **यद्गत्वा न निवर्तन्ते** 'ના
ઘાટ ઉપર પણ.
જગને ખાલી પિંજર ઉપર
કદી પ્રેમના હોય
પરન્તુ
પ્રેત! તને હું હેત કરૂં છું
કારણ કે
હું શબ્દ બ્રહ્મ છું
પડઘો થઇને જેનો
તું પડઘાઇ રહયો છે જગમાં
તારો અંત
ખરેખર નથી રાખના ઢગમાં !
તેથી
શોક ત્યજી દે
મૃત્યુલોકનો મોહ ત્યજી દે
જીવ-શિવની
જુગ-જુગ જૂની
પ્રીત લઇને હું આવ્યો છું
તારા કાજે !
ચાલ ફરી કેદાર છેડ તું !
મેવાડી કોઇ રાગ લઇને
પ્રેમદીવાની વીણા કેરા
ફરી મધુરા તાર છેડ તું !
પ્રેમ-અશ્રુની ધારે ધારે
શોષાયેલો કંઠ ભીંજાવી
ગાઇ **शिवोहम्** નાદ છેડ તું !
ફેલાવીને હાથ કહી દે
મને તેડ તું !
તુજને તેડી
**तध्धामं परमं** તરફની
દોટ મૂકવા આવ્યો છું હું
તારા કાજે !

**-મુંજાલ દવે ' મુંજ '**

## (૮) દિવ્ય સંકેતો-માર્ગદર્શન

નિયમિત ઉપાસના દરમિયાન પૂજ્ય રાજયોગી નરેન્દ્રજીને મળેલા દિવ્ય સંકેતો અને ભૂકંપ નિવારણ અંગે દિવ્ય માર્ગદર્શન પૂજ્યશ્રીના જ શબ્દોમાં-

૧. **તા. ૨૯-૧-૨૦૦૧ સોમવારે** સવારે ઉપાસના દરમિયાન મારી આંતરદ્રષ્ટિથી મેં જોયું અને વાંચ્યું કે "અમદાવાદમાં સેટેલાઈટરોડ પરથી ચાર રસ્તાની જમણી બાજુએ વળી જઈને રસ્તાની ડાબી બાજુએ હરેકૃષ્ણ મંદીરની આગળ એક ખેતર જોયું." વિધિ કરવા માટેની જગ્યા સ્થળ પર ગયા પછી મને બતાવી." પછી એક પટ્ટી પર લખાણ વાંચ્યું કે,
**"સાંજે ચાર વાગે વિધિ કરવી."** દિવ્ય માર્ગદર્શન અને આદેશ અનુસાર વિધિ કરી.

૨. **તા.૩૧-૧-૨૦૦૧ બુધવારે** સવારે ઉપાસના દરમિયાન પૂજ્ય રાજયોગી નરેન્દ્રજીના કાનમાં માતાજીના મૃદુ અવાજ સંભળાયો કે **"કાલે ભૂજ જઈને ભૂકંપ નિવારણ વિધિ કરવી. વિધિની જગ્યા સ્થળ પર જણાવીશ."** તા. ૧-૨-૨૦૦૧ સાંજે સાડાચાર વાગે ભૂજ પહોંચ્યા પછી મુંદ્રારોડ પરથી પસાર થતાં હતાં ત્યારે મારા કાનમાં માતાજીનો મદુ અવાજ સંભાળાયો, **"સિલ્વર પાર્ક"**. ભૂજના રહીશો પણ આ નામ અને જગ્યાથી અપરિચિત હતાં છતા પણ માતાજીના આદેશને અનુસરીને તેમજ બ્હેનજીએ આ નામનું બોર્ડ કયાંક અહિયાં વાંચ્યુ છે તેવી ખાત્રી થતાં અમે તે જગ્યા શોધી કાઢી અને ભૂકંપ નિવારણ વિધિ કરી.

૩. **તા. ૬-૨-૨૦૦૧ ઉપાસના દરમિયાન મેં આંતરદ્રષ્ટિથી એક પટ્ટી પર લખાણ વાંચ્યું કે,**
**" અમદાવાદમાં પાંત્રીસ વર્ષ સુધી વિનાશક ભૂકંપ થવાનો નથી."**
**" કચ્છ- સૌરાષ્ટ્રમાં બે ત્રણ વર્ષે હળવો ભૂકંપ થશે પરંતુ જાનહાનિ કે માલહાનિ થશે નહિં."**

૪. તા.૧૨-૨-૨૦૦૧ રાતે સ્વપ્નમાં મેં પટ્ટી પર લખાણ વાંચ્યું કે."નવ અક્ષરના મંત્રનો ઉપયોગ જે પટના એરપોર્ટ પર કર્યો હતો તે મંત્રનો ઉપયોગ કરીને, અને સમય હોવાથી જળ અભિમંત્રિત્ત કરીને છાંટવું."

૫. ભૂકંપના વિનાશક ભયમાંથી મુક્ત થવા માટે નાગપુરના અને મુંબઈના ભક્તોએ વિનંતી કરતાં પૂજ્ય ગુરૂદેવે તા. ૨૭-૨-૨૦૦૧ સોમવારે નાગપુરમાં પારડી વિસ્તારમાં એક પ્લોટમાં ભૂકંપ નિવારણ યજ્ઞ (વિધિ) કરી નાગપુરને ભૂકંપની વિનાશકતામાંથી બચાવી લીધું હતું. આ હકીક્ત નાગપુરના લોકમત દૈનિકમાં હિન્દી તેમજ મરાઠીમાં પ્રસિધ્ધ થઈ હતી.
તા. ૧-૩-૨૦૦૧ શુક્રવારે મુંબઈમાં મલાડ મારવે રોડ આક્ષાબીચ પર ભૂકંપ નિવારણ યજ્ઞ (વિધિ), જળ પ્રલય નિવારણ યજ્ઞ (વિધિ), પ્રેતાત્મા મુક્તિ યજ્ઞ (વિધિ), કરી મુંબઈને ભૂકંપ અને જળપ્રલયના ભયથી મુક્ત કર્યું હતું વળી આક્ષાબીજ પર અકસ્માતથી ડૂબી ગયેલા મૃતાત્માઓની શાંતિ અને મુક્તિ માટે વિધિ કરી મૃતાત્માઓને મુક્તિ આપી હતી.

૬. કચ્છ ભૂજ વિસ્તારમાં ભૂકંપગ્રસ્ત મૃતકોની શાંતિ અને મુક્તિ માટે ગુરૂદેવને તા. ૧૬-૩-૨૦૦૧ શુક્રવારે સવારે ઉપાસના દરમિયાન નીચે પ્રમાણે દિવ્ય સંકેત મળ્યો હતો. દિવ્ય દૃષ્ટિથી પૂજ્યશ્રી એ પટ્ટી પર લખાણ વાંચ્યું કે **"૭મી તારીખે જવાનું" "૯૭ કીલોમીટરનો વિસ્તાર" "બધી વિધિ કરીને કાળાતલ છાંટવાનાં" "તલ અભિમંત્રિત કરવાના" "બધી વિધિ યથાવત્"**.

**॥ ૐ મા ૐ ॥**

## (૯) સહજ ઉપાસના ઉદ્‌ગાતા

ક્રમશ : ૧૦

ભગવદ્‌ગીતામાં શ્રીકૃષ્ણ જણાવે છે કે વ્યકિતએ કર્તૃત્વભાવનાનો ત્યાગ કરવાનો છે-

**नैव किञ्चित् करोमीति युक्तो मन्येत तच्चवित् ।**
**पश्यन्शृण्वन् स्पृशञ्जिघ्रन्नश्नन्गच्छन् स्वपन्श्वसन्।।**
**प्रलपन्विसृजन्गृह्णन्नुन्मिषन्निमिषन्नपि ।**
**इन्द्रियाणीन्द्रियार्थेषु वर्तन्त इति धारयन् (पू.९ )**

અર્થાત્, તત્વવિદે પોતે કંઇ જ કરતો નથી તેમ જાણવું. અર્થાત્ કર્તૃત્વભાવના - '**अहम्**' કાર-નો સદન્તર ત્યાગ કરવો. સાંભળતા, સ્પર્શતા, સુંઘતા, ખાતા, જતાં, સૂતાં, શ્વાસ લેતાં, બોલતાં, છોડતાં, ગ્રહણ કરતાં, ઉઘડતાં કે બીડાતાં (આંખની ક્રિયા), - આ સઘળાં કાર્યો કરતી વખતે ઇન્દ્રિયો પોતાના અર્થો વિષે પ્રવૃત છે, પોતે - અન્તરાત્મા - આ બધાથી અલિપ્ત છે, અકર્તા છે એવો ભાવ કેળવી પરમતત્વ જોડે અનુસંધાન કરવાનું છે. આ પ્રતિક્ષણની જાગરૂકતા ઉપાસના માટે અનિવાર્ય છે.

પૂજયશ્રીએ પણ આ સઘળા વિચારો માર્મિક રીતે પોતાની લખાણો અને ઉદ્‌બોધનનોમાં પ્રગટ કર્યા છે. ઉપાસનામાં કઇ રીતે આગળ વધવું એ અંગે તેઓશ્રીએ ( આધ્યાત્મિક કેડી, જાન્યુ'૮૭ ) સચોટ માર્ગદર્શન આપ્યું છે. તેમને મતે પરમતત્વનો પોતાના ઇષ્ટનો - માતાજીની શકિતનો સ્વીકાર કર્યા પછી શ્રધ્ધા અને શરણાગતિપૂર્વક તેની ઉપાસનાના નિત્યક્રમના પ્રારંભ થાય છે. પૂજયશ્રીના શબ્દો ખાસ ધ્યાનપાત્ર છે. તેઓ અહીં ' ગાયત્રીમાતા' ની વાત જરૂર કરે છે, પણ તે સંદર્ભ પૂરતી જ. ' પરમતત્વ 'ને કોઇ પણ નામે આપ ઓળખો. તે તમારા કુલદેવતા અથવા ઇષ્ટદેવતાને રૂપે પણ હોઇ શકે છે. એટલે પરમતત્વના અસ્તિત્વનો ઉલટભેર સ્વીકાર કરી એને ચરણે શ્રધ્ધાપૂર્વક સમગ્રનું સમર્પણ, શરણાગતિ અહીં આવશ્યક છે. આગળ જોઇશું કે પૂજયશ્રી ગાયત્રીમંત્રની ત્રણમાળાથી આરંભ કરવાની વાત તો કરે છે, પણ તેમાં પણ તમારો ઇષ્ટદેવતાનો જે કોઇ મંત્ર હોય તે પણ ચાલી શકે એવી છૂટ આપે છે. એથી જ તો શ્રીમાતાજીના આદેશ અને સ્ફુરણાથી પાછળથી પૂજયશ્રીએ ' ॐ મા ॐ ' એવા કેવળ ત્રણ અક્ષરના મંત્રની ભકતોને દીક્ષા આપી છે. આગ્રહ એ છે કે ઉપાસનાને ' નિત્યક્રમ 'માં વણી લેવાની છે. બે-ચાર દિવસ વ્રત કર્યું પછી ' હરિ: ॐ ' કરી દઇએ એ ના ચાલે. સાધકે, ભકતે સમગ્ર જીવનને ઉપાસનામાં ફેરવવાનું છે અને એટલા માટે નિયમિતતા - શિસ્તનો આગ્રહ પૂજયશ્રી રાખે છે.

પૂજયશ્રીને મતે ઉપાસના માટે બ્રાહ્મમુહૂર્ત શ્રેષ્ઠ છે. ઉપાસનાના આરંભ પછી દરેકને ભૌતિકથી માંડી આધ્યાત્મિક કક્ષાએ કંઇને કંઇ લાભ અવશ્ય થાય છે, સુખ, શાન્તિનો અનુભવ થાય છે. પણ પૂજયશ્રી જણાવે છે કે, આ તો કેવળ બાહ્ય, ઉપરછેલ્લી કે ભૌતિક સફળતા છે. અહીં સાધકે અટકવાનું નથી, અટકવું જોઇએ પણ નહી.

ઉપાસના ક્ષેત્રે આગળ વધવા માટે ઉપાસકને પોતાના ઇષ્ટની - માતાજીની - વધુ સમીપ જવાની જયારે ઉત્કંઠા - અપેક્ષા જાગે છે ત્યારે તેણે અવિરત પુરૂષાર્થ આદરવાનો રહે છે. તો એ કઇ રીતે થઇ શકે,તે આપણે જોઇએ.

સહુ પ્રથમ તો શ્રધ્ધા, શરણાગતિ, મા-બાળકનો સમ્બન્ધ અને નિષ્કામભાવ જરૂરી છે. તેમાં મન-વચનને કર્મથી પવિત્ર રહેવું-બનવું વિશેષ આવશ્યકને અનિવાર્ય પણ છે. એ સાથે જ દિલમાં માતાજી માટે - પોતાના ઇષ્ટમાટે - તેની ઉપાસના - સેવા માટે અપૂર્વ - અતૂટ શ્રધ્ધા, પ્રેમ અને લગની, તેમ જ અદમ્યરસ - રૂચિ હોવાં આવશ્યક છે, જેને પરિણામે ઉપાસક સ્વાભાવિક રીતે જ ઉપાસનામા જોડાય.

આપણે ઉમેરીશું કે પૂજયશ્રી અહીં ' સહજ-ઉપાસના 'ની ચાવી આપણા હાથમાં મૂકે છે. તેઓશ્રી નોંધે છે કે, ઉપાસનામાં જોડાઇને પ્રારંભમાં માળા ફેરવતાં ન આવડે કે ન ફાવે તો કેવળ મંત્રજાપ કરવાની ટેવ પાડવી. શ્રી માતાજીની છબી સામે, પૂર્વાભિમુખ થઇ, દર્ભનાં આસન ઉપર બેસી, ધૃત-દીપ, અગરબત્તી પ્રગટાવી, શ્રી માની મૂર્તિ કે છબી સામે દ્રષ્ટિ અને મન સ્થિર કરવાનો પ્રયત્ન આદરી દસ-પંદર મિનિટ કે અડધો કલાક માળા વિના ફકત મંત્રજાપ કરવાની ટેવ પાડવી. મંત્ર મોટેથી કે મનમાં બોલી શકાય જેવી અનુકૂળતા. મંત્ર મોટેથી કરવામાં આવશે તો મંત્રનાં ઉચ્ચારણોનાં આંદાલનો આપણી આજુબાજુ સમગ્ર વાતાવરણમાં ને આપણા અસ્તિત્વમાં પેદા થઇ મન, અંતઃકરણ અને વાતાવરણમાં એક પ્રકારની આલ્હાદકતા - રમણીયતા જન્માવશે જેનો ઉપાસકને અનુભવ થશે અને એનો બહુ મોટો પ્રભાવ પડશે.

મંત્રજાપનો મહાવરો પડે પછી માળા ગણવાનો આરંભ કરવો. એક માળાથી શરૂ કરવું. કોઇપણ જાતની તકલીફ પડે તેનાથી ગભરાવું નહિ. મા પાસે - ઇશ્વર પાસે - બાળક બનીને, શરણાગતિ સ્વીકારીને, નમ્ર બનીને જશો તો સઘળી તકલીફો દૂર થઇ આપોઆપ અંદરથી જ પ્રેરણા અને માર્ગદર્શન મળ્યા કરશે. પૂજયશ્રીની આ વાતને **શ્રી અરવિન્દનાં સૂચનોમાં પણ ટેકો મળી રહે છે. એ આપણે જોઇશું. પરમતત્વ પોતાનું દિવ્યકાર્ય પોતાની વિભૂતિઓ દ્વારા કરાવે છે અને ભલે સ્થળ, કાળ, ભાષા, બાહ્ય સંદર્ભ જુદાં હોય, પણ દિવ્યવાણીનું સ્વરૂપ તો એક જ રહે છે એ વિગત અહીં ચરિતાર્થ થતી જણાય છે.** શ્રી અરવિન્દ સાધનાની મુશ્કેલીઓ ( ' દક્ષિણા ' અંક ૧૦૮, પૃ.૩૪૯;૧૯૮૨ ) અંગે નોંધે છે કે- " પરંતુ યોગ-પથ ( અહીં આપણે પૂજયશ્રીની ભાષામાં ' ઉપાસનાનો માર્ગ ' એવો શબ્દ સમજીશું ) વખતે વખતે આવી ચડતાં ઉગ્ર તોફાનોથી કપાઇ જતો હોય તેવું જરૂરી નથી, જો કે, ઘણા જણ માટે એ આ રીતનો છે એ તો એક દેખીતી હકીકત છે. પરંતુ આ લોકો માટે પણ, તેઓ જો તેને વળગી રહે છે તો હું જોઉં છું કે અમુક બિંદુ પછી તોફાનોનું જોર, પુનરાગમન, સમયનો ગાળો ઓછાં થતાં જાય છે. એટલા માટે તમે વળગી રહો એ બાબત ઉપર મેં આટલો બધો આગ્રહ રાખ્યો હતો - કેમ કે, તમે જો વળગી રહેશો તો, પાછા વળવાનું બિંદુ જરૂર આવવાનું છે. આ તોફાની સમયો ઉગ્ર રીતે વરસોનાં વરસો લગી ફરી ફરીંને આવતા રહ્યા પછી ઓછા થતા ગયા છે તેના કેટલાક આશ્ચર્યકારક દાખલાઓ મેં થોડા વખત ઉપર જ જોયા છે.

આ વસ્તુઓ એ ભલે ગમે તેટલી તીવ્ર હોય તો પણ, સામાન્ય મુશ્કેલીઓનો ભાગ નથી પણ ખાસ રચનાઓ છે - ડમરીઓ કે જે ( સામાન્ય રીતે એક અમુક બિંદુમાંથી, કોઇવાર જુદા જુદા બિંદુમાંથી ) શરૂ થતી હોય છે અને પૂરી ન થઇ જાય ત્યાં સુધી એ જ વર્તુળમાં હંમેશાં ગોળ ગોળ ફર્યા કરે છે... માણસ જો જે કાંઇ છે તે રીતે તેને જોતો થાય, અને તેમાંથી મુકત થઇ જવાનો દ્રઢ નિશ્ચય કરે તો, જે છે તેને માનસિક રીતે સાચું ઠેરવવાની ક્રિયા, એ ક્રિયા ગમે તેટલી તર્કભરેલી, સાચી અને શકય જેવી દેખાતી હોય તો પણ, **તેને કદી પણ થવા દેવામાં ન આવે તો** - તેને વિખેરી નાંખવાનું શકય બનવું જ જોઇએ - તેની તરફેણમાં મનની બધી દલીલોને અથવા પ્રાણની લાગણીઓને કેટો, ચર્ચા કરનારાઓને કહેતો હતો તેમ, હંમેશાં એ જવાબ આપવો જોઇએ, Dependaest Carthago " કાર્થેજ નો નાશ કરવાનો છે ", આ દાખલામાં કાર્થેજ એટલે કે પેલી રચના અને એનું દુષ્ટ વર્તુળ.

ગમે તેમ પણ તમારા પત્રમાંનો છેવટનો વિચાર એ સાચો વિચાર છે. **" વિષાદના સમુદ્રોને ઓળંગવા પડે તો પણ પ્રભુને શોધી લેવાનું કામ કરવા જેવું જ છે. "** - એ રચનાનો તમે એવા દ્રઢ નિશ્ચયપૂર્વક સામનો કરી, શકશો તો, તેણે વિજય મેળવી આપવો જોઇએ.-
( શ્રી અરવિન્દ બર્થ - સેન્ટીનરી લાયબ્રેરી ગ્રંથિ ૨૪, ' લેટર્સ ઓન યોગ, પૃ.૧૬૩૩-૩૪).

## (૧૦) સેવા

(શ્રધ્ધા કૂટિરમાં તા.૧૭/૯/૯૬ ના રોજ આયોજીત જ્ઞાનગોષ્ઠિના સંકલિત અંશો )

**(૧) પ્રતિક્ષાબ્હેન:-** સેવાવૃત્તિ આમ તો માણસની સાહજિકવૃત્તિ છે પણ સ્વાર્થના પડળથી એ ઢંકાઇ જતી હોય છે. જેને સાચી હૃદયથી સેવા કરવી છે તેને ક્ષેત્ર તો સહેલાઇથી મળી જાય છે. સેવાધર્મ: પરમગહન: અર્થાત્ સેવા કરવાનું કામ કઠિન છે. સદ્ગુરૂશ્રીએ સેવાનો અર્થ, મર્મ, આચરણ આત્મસાત્ કરી આપણી સમક્ષ 'સેવા' શબ્દનું રહસ્ય ખુલ્લું મૂકયું છે. આપણે માનવતાનું આચરણ કરીશું તો જ 'સેવા' શબ્દ સાર્થક થશે.

**(૨) દિપલ શુકલ:-** ઇશ્વરે આપણને મનુષ્યદેહ સત્કર્મ અને હૃદયની શુધ્ધ ભાવનાને પ્રકાશિત કરવા માટે આપ્યો છે. સેવાનો સાચો અર્થ, જનસમૂહને યોગ્ય માર્ગ કે યથાશકિત મદદ કરવી તેમ નહિં પરંતુ સાચા દિલથી સઘળું ઇશ્વરને સમર્પિત કરી દેવું. સેવા એ ફરજ કે આદેશ નથી પણ સ્વેચ્છાકાર્ય છે માનવીને ઇશ્વરના દ્વારનું પગથિયું બતાવવું એ પણ સેવાછે. સેવાની બાબતમાં જેટલો નફો છે એટલો લોટરીમાં પણ નથી.

**(૩) ઇન્દીરાબ્હેન શુકલ:-** 'સેવા' વિષે માર્ગદર્શન આપવાની વિનંતી કરાતાં પૂજયશ્રીએ મૌન સેવ્યું છે, અર્થાત્ સેવા એ બોલવાનો વિષય નથી, પરંતુ કરવાનો વિષય છે. સેવાના ભાષણોથી આપણે દૂર રહીએ અને સેવામાં લાગી જઇએ.

**(૪) કંદર્પ:-** સેવા એ ધર્મ છે , સદ્ગુણ છે, પરમાત્માની પ્રાપ્તિ અને મોક્ષ તથા શાંતિ આપનાર છે. સેવા એક શકિત છે જે શત્રુને પણ મિત્ર બનાવે છે. સેવાથી પુણ્ય મળે છે.

**(૫) ભરતભાઇ:-** (૧) તા.૫મી સપ્ટેમ્બર, ૭૬ની સાલે, મા કહે શું જોઇએ તારે?
બાળ કહે માતને, ભકિત જન્મોજન્મની અને સેવા માનવબંધુ તણી...
(૨) શ્રધ્ધાની પર્ણ કુટીરે, ભકિતનું સીંચન થાય,
નિલોષાની સેવા શિબિર, વડવાઇઓથી વીંટળાય...
(૩) સેવા અને સ્મરણ, બે જગમાં કરવાનાં છે કામ,
સેવા તો જનસેવા કરવી, લેવું હરિનું નામ...

કુદરતનો મહામંત્ર છે 'સેવા' જેના મૂળમાં છે ભગવાન
હે અનાથોના નાથ , હે સેવા વ્રત ધારી, હે સેવાના ભેખધારી,
હે સેવાનો અલખ જગાડનાર રાજયોગીજી, સેવાનું સમગ્રતંત્ર આપના હસ્તકમલમાં છે. આપને પ્રણામ..

**(૬) મહિડાજી :-** સેવાના બે પ્રકાર - પ્રભુ સેવા અને સમાજસેવા - પ્રભુની ભકિતના નવ પ્રકાર - સમાજસેવા કરતાં પહેલાં ઇશ્વરનું સ્મરણ કરીને અંત:કરણ પવિત્ર કરવું જરૂરી છે. નામના મેળવવાની ઇચ્છાથી કામ કરનારાઓ બૂરે માર્ગે જાય છે. અંગત લાભ નજરમાં રાખીને .સેવા કરવી એ ઢોંગ છે. સેવાના ધ્યેયની સફળતા માટે તથા મનની શાંતિ માટે બધું જ ઇશ્વરને અર્પણ કરી દેવું અને હૃદયપૂર્વકની પ્રાર્થના કરવી. જીવનમાં બધાં જ કામો ઇશ્વરની સેવા સમજીને કરીએ તો હંમેશાં પ્રસન્નતા રહે.

**(૭) ભાવનાબ્હેન :-** 'સેવા' એ શબ્દભંડારમાંનો અદ્ભુત શબ્દ. સ-સરળતા અને વ-વહી જાય. નિસ્વાર્થપણે સરળતાથી વહી જાય તે સેવા સ્વાર્થીને કદી શાંતિ હોતી નથી. સેવા એ શુધ્ધ આનંદની જનની છે. જીવનમાં જયારે તક મળે ત્યારે અને પ્રત્યેક અવસરે સેવા કરો, સેવામાં જે આનંદ અને સંતોષ છે એ બીજે કયાંય નથી.

**(૮) હેમંતભાઇ:-** સેવા અને સુખ એકબીજાના પડછાયા છે. સેવાથી સુખ કે સુખથી સેવા એ પ્રશ્ન છે. સેવાના ત્રણ પ્રકાર - અર્પણ સેવા, તર્પણ સેવા અને દર્પણ સેવા... માતૃસેવા, પિતૃસેવા, કુટુંબસેવા એ અર્પણ , ધર્મસેવા, રાષ્ટ્રસેવા, ગૌ સેવા એ તર્પણ અને અહંકારના પ્રતિબિંબને જોવાની ઇચ્છાવાળી

સેવાઓ જેવી કે અન્નસેવા, જળસેવા, સમાજસેવા એ દર્પણસેવા. સંતો દ્વારા, માનવ કલ્યાણ, દુ:ખ નિવારણ તથા આત્મકલ્યાણના કોઇપણ જાતની અપેક્ષા કે પૂવગ્રહ વગરનાં કાર્યો - એ સર્વોત્તમસેવા અને ગુરૂ ચરણના જમણા અંગુઠામાં શ્રધ્ધા અને શરણાગત થવાનું પુણ્ય મળે એ ભકતની શ્રેષ્ઠ સેવા.

**(૯) રમેશભાઇ:-** સેવાના ત્રણ પ્રકાર (૧) સમૂલ્ય - એટલે નાણાંકીય બદલો મેળવીને સેવા આપવામાં આવે (૨) માનદ્ - એટલે કે યશ, કીર્તિ પ્રશંસાની અપેક્ષાથી થતી સેવા (૩) વિના મૂલ્ય-એટલે નિ:સ્વાર્થભાવે કરાતી સેવા. નવસિધ્ધાંતોને જીવનમાં અપનાવવા, ષડ્રિપૂઓનો સંહાર, મન-વચન-કર્મની પવિત્રતા અને માનવતાવ્રતનું પાલન એ જ ઉત્તમ સેવા છે.

**(૧૦) હરવેશ હાંસોટીયા:-** સેવા એટલે અહ્મનો નાશ અને પરજીવ પર ઉપકાર. ભગવાને બનાવેલા વિશ્વઉધાનમાં આપણને એટલા માટે જ જનમ આપ્યો છે કે , આપણે તેમાં વસતાં દરેક જીવની સેવા કરીએ. પૂ.ગુરૂદેવ જેવા સૂર્યના સ્ત્રોત. જે નિત્ય નિરંતર દુ:ખીઓની સેવા કરે છે. તેમની પાસેથી શીખવું પડશે. આપણને કોની કયારે જરૂર પડે તેની ખબર નથી અને એટલે જ બીજાને મદદ કરી હશે તો આપણા ગુરૂદેવ આપણને ત્વરિત મદદ કરશે. ગુરૂદેવે આપણને માનવતાવ્રત આપીને માનવ બનાવવા પ્રયત્ન કર્યો છે. સેવાથી મોટી કોઇ ભકિત નથી.

**(૧૧) ઉમાબહેન :** પાત્રતા કેળવ્યા પછી તે જે કરે તેમ કરવું તે સેવા. આપ્યા પછી પાછું લેવાની આશા વિના કરવામાં આવે તે સેવા. આપણને ઇશ્વરે આપ્યું છે તેમાંથી ૧૦ મો ભાગ માણસની સેવામાં વાપરવો. મન-વચન-કર્મની પવિત્રતા રાખી સેવા કરવી અને પાત્રતા કેળવીએ તો આપણે પ્રાર્થના કરીએ તેમ પરમાત્મા કરે જ.

**(૧૨) જસવંતભાઇ :** સેવા એટલે તન-મન-ધન અને દૈવી શક્તિથી મદદરૂપ થવું તે. જે કાંઇ શક્તિઓ પરમતત્વે આપી છે તેનો અપંગ, નિરાધાર, અંધજન રોગી ત્થા અબોલા જીવોની સેવા કરવામાં ઉપયોગ કરવો, માનવ જન્મને દિપાવવો હશે તો સેવારૂપી જ્યોત અખંડ ચાલુ રાખવી પડશે. આ સેવા કોઇપણ જાતની અપેક્ષા વગર હોય. સૂર્ય પ્રકાશ આપે કે વૃક્ષ છાંયડો આપે અને સદ્ગુરૂ શાંતિ આપે, તેઓ કોઇ અપેક્ષા રાખતા નથી. હનુમાનજીની અનન્ય સેવાથી રામને તેમના હૃદયમાં બેસવું પડ્યું. પૂજ્ય ગુરૂદેવની નિષ્કામ સેવાથી તેમના પર માતાજીની કૃપા દૃષ્ટિ છે ત્થા તેમને વારંવાર આવવું પડે છે. આપણે ગુરૂદેવના ચરણની સેવા કરીએ.

**(૧૩) મનેષભાઇ :** સ એટલે સરસ અથવા સમય, વા એટલે વાવું. પોતાનો સમય ફાળવી સરસ એવું સ્વાર્થ રહિત વાવવું એટલે સેવા. ઇષ્ટના નામ, સ્મરણ કે મંત્રજાપ સાથે કરાતી સેવા ઉત્તમ છે સેવા, આર્થિક, શારીરિક, માનસિક કે આધ્યાત્મિક હોઇ શકે. સેવા એ પરમાત્માની કસોટીની સીડી છે. પરમાત્માની વિધિવિધાનથી સેવા કરવાને બદલે વ્યક્તિમાં બિરાજેલ પરમાત્માની સેવા કરવી શ્રેષ્ઠ છે. સેવામા ઢીલ કરવી નહિં. યથા સમયે કરેલ સેવા જ સેવા બની રહે છે. સેવામાં છૂત-અછૂત, નાના-મોટા, માન-મર્યાદા કે સૂગને સ્થાન નથી. કરેલ સેવા વ્યર્થ જતી નથી. સેવા પરમને પ્રિય છે. સેવા કરનારની પ્રભુ સંભાળ રાખે છે.

**(૧૪) હસમુખભાઇ પુરોહિત :** પૂજ્ય ગુરૂદેવ દ્વારા અપાયેલ માનવતાવ્રત અભિયાન તેમજ ૧૮ આયુધોમાં સેવા ધર્મ જ સમાયેલો છે. પૂજ્યશ્રી નિષ્કામ ભાવે ૨૩ વર્ષથી અવિરત સેવા કરી રહ્યા છે. મનુષ્ય જાતિની નિસ્વાર્થ સેવા, આધ્યાત્મિક માર્ગનું પહેલું પગથિયું છે. નિષ્કામ સેવા એજ મુક્તિના માર્ગે આગળ વધવા માટેનો મુદ્રાલેખ છે. અભણને અક્ષર જ્ઞાન, ગરીબને અન્ન, દુ:ખીને દિલાસો એ પણ સેવા છે. સેવા ઊંચી કે નીચી એવા ભેદ ન હોવા જોઇએ. માનવી આપતાં શીખે. તો દેવ બની શકે. સૂર્ય, ચંદ્ર, નદી, પૃથ્વી, વૃક્ષો બધાં આપ્યાં જ કરે છે. માત-પિતાની પ્રેમથી સેવા, વૃદ્ધની સેવા, ગુરૂ પ્રસન્ન થાય તેવી સેવા કરવાથી હૃદયને ગમશે અને તે હૃદયમાંથી આશીર્વાદ નીકળશે. શ્રીકૃષ્ણે ગુરૂમાતાની સેવા કરી, તે

માતાએ આશીર્વાદ આપ્યા, "સરસ્વતી તમારા મુખમાં રહેશે, લક્ષ્મીજી તમારા ચરણોમાં રહેશે, તમારી કીર્તિ આખા જગતમાં કાયમ રહેશે અને તમે કોઇ દિવસ જ્ઞાન ભૂલશો નહિં.

**(૧૫) ગાયત્રી જાની :** સેવાના ચાર પ્રકાર - પ્રભુ સેવા, મા-બાપની સેવા, માનવ સેવા અને ગુરૂ સેવા. સેવાથી જ મેવા મળે છે. સેવા એળે જતી નથી.

ગુરૂદેવ ભલે તમે રહ્યા પૂનમનાં ચન્દ્ર, ભલે અમે રહ્યા ટમટમતા તારલા.
પણ સુણો મારી એક જ અરજી, ચરણ કમળમાં ધરૂં હું આજે પુષ્પાંજલિ.

**(૧૬) પૂજ્ય બહેનજી :** (૧) અંતરથી વહે જો સેવાની સરિતા
સ્વાર્પણ ને સહૃદયતા ભળે જો સેવામાં
પારકાંને પોતીકાં ગણે જો સેવામાં
માનવમાંથી મહામાનવ બની જવાય એવામાં.

(૨) ત્યાગ અને સેવાની જોડી જામે
જીવન ધન્ય બની પ્રભુ સંગે રમે.

(૩) સેવાની સરિતા વહે જ્યાં,
પ્રેમનો ઉદધિ ઉછળે ત્યાં.
માનવ મહેરામણ ઉભરાયે ત્યાં,
પરમની પ્રતીતિ થાયે ત્યાં.

**(૧૭) પરમ પૂજ્ય ગુદેવ :** તમારે સેવા કરવી હોય તો, તમારી જાતને મર્યાદા મુજબ,
**તન**-મન-ધનથી સેવામાં સમર્પિત કરી દ્યો.
**તન**-શારીરિક સેવા.
**મન**-સામાજીક, આધ્યાત્મિક.
**ધન**-આર્થિક સેવા.
શ્રીરામે રાક્ષસોનો સંહાર કર્યો-**શારીરિક સેવા.**
શ્રીકૃષ્ણે કંસના ત્રાસથી મુક્ત કર્યા-**શારીરિક સેવા.**
મનથી સેવા કરનાર હનુમાનજી.
બલિરાજાએ જે સેવા કરી તે ધનની સેવા.
અને છેલ્લે એક સેવા શીખ-
સ્નેહથી સેવામાં સમર્પિત થાવ,
જીવન પુષ્પ સમું બની જાશે..

માતાજીના આદેશથી જીવનની એક એક પળ સેવા માટે જ વાપરનાર, સેવાના શિખરો સર કરનાર, દીન દુઃખી અને રોગીઓની સેવા કરી સમાજમાં એક નવા જ અભિગમના જન્મદાતા પૂજ્યશ્રીના ચરણોની સેવા આપણને સતત મળતી રહે એવી પ્રાર્થના.

## સેવા - ( પ્રશ્નોત્તરી)

(તા.૨૨/૯/૯૬ના રોજ શ્રધ્ધા કૂટિરમાં આયોજિત પ્રશ્નોત્તરીમાં પરમ પૂજય ગુરૂદેવે પોતાના શાસ્ત્ર અને મંતવ્ય આધારિત આપેલા ઉત્તરો )

**પ્રશ્ન.૧ :-** સેવા અને દાન એ બેનો તફાવત સ્પષ્ટ સમજાવશો?

***જવાબ:- દાનમાં મહ્‌દ અંશે ભૌતિક વસ્તુનો સમાવેશ થાય. સેવામાં ભૌતિક સ્વરૂપ ઓછું છે. સેવા જાતે  કરવાની હોય. દાન તમારે બદલે બીજા પણ કરી શકે. કયારેક દાન સેવાનું સ્વરૂપ પણ લે. દા.ત. વિદ્યાદાન - જો અપેક્ષા વગર કરાતું હોય તો.***

**પ્રશ્ન.૨:-** સેવા અને ભકિત એ બેમાં કોનું પલ્લું ભારે?

**જવાબ:-** ***હાસ્ય... આ બંનેમાં પલ્લાંની એટલે કે વજન અથવા મહત્વની તુલના ન કરો. બંને વચ્ચે ભેદરેખા બહુ પાતળી છે અને મારાં મતે બંનેનું મહત્વ સરખું જ છે. એટલે બંને પલ્લાં સરખાં છે.***

**પ્રશ્ન.૩:-** વિદેશમાંથી કોઇક પૈસા મોકલે તો સેવા કહેવાય?

**જવાબ:-** ***મેં હમણાં જ કહ્યું કે, સેવા સ્વયંથી થાય. આને દાન કહેવાય.***

**પ્રશ્ન.૪:-** સેવાની સમજ આપતાં આપે કહ્યું છે કે,‘ તમારી મર્યાદા મુજબ ’ તન-મન-ધનથી સેવા કરો. તો મર્યાદા એટલે શું ?

**જવાબ:-** ***‘ મર્યાદા’ એટલે તમારી શકિતઓને ઓળખો. તે ભૌતિક હોય કે આંતરિક - કોઇ કરોડપતિ લાખનું દાન કરે , કોઇ પહેલવાન આખો દિવસ શ્રમ કરે. તમે તમારી શકિત વધારવાનો પ્રયત્ન કરો પણ કોઇકનું અનુકરણ કરવા શકિત સામર્થ્યથી વધુ લાંબા થાવ નહિં. આ ‘ મર્યાદા’.***

**પ્રશ્ન.૫:-** દાનમાં સુપાત્રની તપાસ કરાય તો સેવા માટે સુપાત્ર કેવી રીતે તપાસવું ?

**જવાબ:-** ***સેવામાં સુપાત્રની પસંદગી હોતી નથી. કારણ સેવા તમારે કરવાની છે અને સેવા ક્ષેત્ર શોધવામાં તમારે જ પ્રયત્ન કરવો પડે.***

**પ્રશ્ન.૬:-** કોઇ વિષય-નિષ્ણાત વિના મૂલ્યે માર્ગદર્શન આપે તો સેવા ગણાય ?

**જવાબ:-** ***હા, કોઇક ડોકટર પોતાના જ્ઞાનનો, અનુભવનો ઉપયોગ, પૈસા લીધા વગર ગરીબ દર્દી માટે કરે તો સેવા જ કહેવાય. એમ દરેક શ્રેત્રમાં.......***

**પ્રશ્ન.૭:-** સેવા કરવાથી મનોશારીરિક ફેરફાર આવે?

**જવાબ:-** ***શારીરિક ફેરફાર તો બહુ શકય નથી પણ માનસિક ફેરફાર જરૂર આવે. તમારામાં સ્ફૂર્તિ, ઉત્સાહ, આનંદ આવે, અહમ્ તૂટતો જાય, ઇર્ષ્યા જતી રહે, દયાભાવ આવે, ષડ્‌રિપૂઓ નીકળતાં જાય વગેરે..***

**પ્રશ્ન.૮:-** દયાભાવે સેવા કરતાં હોઇએ અને કોઇ મશ્કરી કરે અથવા ડફોળ સમજે તો શું કરવું ? સેવા છોડી દેવી ?

**જવાબ:-** ***સેવા છોડી શકાતી નથી. સંસારની વ્યવસ્થા જ હોય એવી છે કે દરેક વ્યકિત કાંઇક ને કાંઇક સેવા કરતો જ હોય છે. માતૃસેવા, પુત્રવધુની સેવા... સેવામાં મન મજબૂત રાખો. ડરો નહિં. સાચી સેવાને સમય ઓળખાવશે ... સમય બોલશે..***

**પ્રશ્ન.૯:-** સેવા અને ભકિત એ બેમાંથી એક કરીએ તો ચાલે ?

**જવાબ:-** ***મેં પહેલાં પણ રહયું છે કે પર્યાય અથવા છટકબારી ન શોધો. મર્યાદામુજબ બંને કરો.***

**પ્રશ્ન.૧૦:-** આપને માતાજી આ કાર્યયજ્ઞથી સેવા કરાવે છે તો અન્ય સંતો આવી સેવા કેમ નહીં કરતાં હોય?

**જવાબ:-** ***આપણને અન્ય સંતોની સેવાની કયાં ખબર છે? દરેક સંત સેવા કરતાં જ હોય. સેવાનું કાર્ય કઠીન છે એટલે કોઇક ન પણ કરે. તેઓ એમની રીતથી સેવા કરતાં હોય.પણ જગતનાં બધા જ સંતો જો રોજ બે જ કલાક સેવા કરે તો આખું જગત સુખી થઇ જાય.***

**પ્રશ્ન.૧૧:-** શ્રેષ્ઠ સેવા કઇ ?

**જવાબ:-** ***કોઇપણ ક્ષેત્રમાં મર્યાદા મુજબની મુજબની નિ:સ્વાર્થ સેવા એ શ્રેષ્ઠ છે.***

**પ્રશ્ન.૧૨:-** જેમ ભકિત ઇશ્વરના ચોપડે નોંધાય એમ સેવાની નોંધ લેવાય?

**જવાબ:-** ***હા, કારણ સેવા એ સત્‌કર્મ છે જેનું ફળ તમને મળનાર છે આ કર્મ તમારૂં પ્રારબ્ધ બને એટલે એની નોંધ જરૂર લેવાય.***

**પ્રશ્ન.૧૩:-** સેવા કરવાનું સૌભાગ્ય દરેકના ભાગ્યમાં હોય ખરૂં ?

**જવાબ:-** ***હમણાં જ મેં કહ્યું કે, સંસારમાં દરેક વ્યકિત સેવા કરે છે. આપણી સામાજીક વ્યવસ્થા***

*જ એવી છે કે, દરેકને સેવાનું સૌભાગ્ય સાંપડે, પણ ઘરની સાથે, સમાજની સેવા કરો, સેવાક્ષેત્ર વિસ્તારતા જ જાવ.*

**પ્રશ્ન.૧૪:-** પરમતત્વને પામવું હોય તો કેવી સેવા કરવી ?

***જવાબ:-** પૂર્વજન્મના પુણ્યો હોય તો જ આ સેવા થઇ શકે. આ જન્મમાં પણ પુણ્યકાર્યો કરો. પરમતત્વને પામવા આધ્યાત્મિકતાના માર્ગે ચાલો. મન-વચન-કર્મની પવિત્રતા અને માનવતા વ્રતનું પાલન કરો.*

**પ્રશ્ન.૧૫:-** ગુરૂના ચરણની સેવા એટલે શું ?

***જવાબ:-** પોતાનું આચરણ ગુરૂદેવના આદેશો, સિધ્ધાંતો અને માર્ગદર્શન પ્રમાણે બનાવવું. ગુરૂદેવના વિચારો, જન-જન સુધી પહોંચાડવા પ્રયત્ન કરવો. ગુરૂની આજ્ઞા ઉલ્લંઘવી નહીં.*

**પ્રશ્ન.૧૬:-** આપે માતૃસેવા પર ભાર મૂકયો છે તો માતા બાળક માટે જે કાંઇ કરે તેને શું કહેવું ?

***જવાબ:-** માતા બાળક માટે જે કાંઇ કરે છે એને શબ્દોથી નહીં મૂલવાય. એ તો સેવાથી પણ કેટલુંક ઉંચું છે . એ વાત્સલ્ય કહી શકો અને ગમે તેટલી સેવા, માતૃઋણ ચુકવી નહીં શકે.*

**પ્રશ્ન.૧૭:-** માતાજી આપને બાળ તરીકે લાડ લડાવે છે એની અનુભૂતિ વાત્સલ્ય સાથે સરખાવી શકાય? એને માટે આપ શું કરવા ઇચ્છો છો?


***જવાબ:-** લૌકિક જગતમાં વાત્સલ્ય બરાબર છે. અલૌકિક જગતમાં આને દિવ્યપ્રેમ કહી શકાય. હું આ દિવ્યપ્રેમની એક પણ ક્ષણ ખોવા ઇચ્છતો નથી માટે જ મારી ખ્વાહીશ છે કે, હંમેશાં હું શિસ્તબધ્ધ સૈનિક બની રહું.*

**પ્રશ્ન.૧૮:-** આપે સેવા અને ભકિતને સરખું મહત્વ આપ્યું. ભકિતમાં શ્રધ્ધા-શરણાગતિ આવે તો સેવામાં શ્રધ્ધા અને શરણાગતિ કયાં સુધી જોડી શકાય?

***જવાબ:-** સેવામાં જયારે શ્રધ્ધા ભળે ત્યારે સેવાનું બળ વધી જાય. હું માતાજીમાં પૂર્ણ શ્રધ્ધા સાથે જ દુ:ખીઓની સેવા કરૂં છું ને? શ્રધ્ધા બળ સેવાને તેજસ્વી બનાવે. ગાંધીજી એ આ રાષ્ટ્રની સેવામાં કેવી શરણાગતિ સ્વીકારી. સેવામાં સઘળું સમર્પણ કરી દીધું તો આ દેશને આઝાદી અપાવી શકયા. તમારા કાર્યમાં શ્રધ્ધા રાખો અને કાર્યમાં જ શરણાગત થાવ.*

*આજની પ્રશ્નોત્તરીમાં પૂજયશ્રીએ સેવાને તેજસ્વી બનાવવા એક સુંદર પંકિત કહી.*

**સેવામાં સ્નેહ પ્રગટે**
**સ્નેહમાં સમર્પણ પ્રગટે**
**સમર્પણનો સૂર્ય પ્રગટે**
**તળેટીમાંથી ટોચે પહોંચે...**




માત્ર કહેવા ખાતર નહીં પણ પોતાના સેવા યજ્ઞમાં સ્નેહની સરિતા વહેવડાવી જીવન આખું સેવાને સમર્પણ કરી નિ:સ્વાર્થ સેવાની સુગંધી તેજસ્વિતાને દેશ-પરદેશમાં ફેલાવનાર અમારા પૂજય ગુરૂદેવને એક જ પ્રાર્થના, બિંદુ એક સેવા-સરિતાનું
અમને પણ આપોને...

**॥ ૐ મા ૐ ॥**

## (૧૧) ચારધામ પ્રવાસ - ગંગોત્રી

**ક્રમશ:**

ગંગોત્રીમાં માર્ગ વિકટ હતો છતાં છેક સુધી વાહન જતું હોવાથી ઓછી તકલીફ જણાઇ. યમુનોત્રીની માફક અહીં પણ પ્રભુએ ગરમ પાણીના કુંડ તૈયાર રાખ્યા છે. એક બાજુ ઠંડી અને બીજી બાજુ હરિકૃપા ! ગરમપાણીના કુંડમાં સ્નાન કરીને ગંગા મૈયાના મંદીરમાં દર્શન (૧૨/૫) કર્યા. ત્યાં પણ સરળતાથી દર્શન થયાં પછી ૧૦૦-૨૦૦ વ્યકિતની લાઇન લાગી ગઇ! અને સરસ પૂજન ત્યાંના મહારાજશ્રીએ કરાવ્યું. પૂ. શ્રી. ની કૃપાથી સઘળું નિર્વિઘ્ને આગળ વધતું રહ્યું. ઉત્તરકાશીથી સીતાપુર થઇને ગૌરીકુંડને અડીને કેદાર તરફ જવાનું હતું. વચ્ચે નીલકંઠનું હિમાચ્છાદિત શૃંગ દર્શન આપતું હતું. દિવસ સ્વચ્છ, તડકો પ્રસન્ન અને પ્રકૃતિ સ્વસ્થ! વચ્ચે ખળખળ વહેતી નદીઓના, નાના મોટા ધોધનાં અવાજ, કુદરતના સૌંદર્યમાં ઉમેરો કરતા હતાં. પાંચ પ્રયાગો, અને અનેક ગંગાઓ (નામો ઘણાં હતાં)- અને યુ. ટર્નસ અને હેરપીન-ટર્નસ પાર કરતાં અમે આગળ વધતા હતા. કેટલાક વળાંકોએ અમારા રથ વાહનનું ચોથું પૈડું પાંચ હજાર ફુટ ઊંડી ખાઇમાં અધ્ધર રહેતું હતું તેને પૂ. શ્રી પોતાની હથેળી પર ચલાવતા હતા! હિમાલયનો બરફ તે બરફ નથી, પણ કવિ કાલિદાસે કહ્યા પ્રમાણે ભગવાન શિવજીનું ઢગલો વળેલું અટ્ટહાસ્ય છે! ઊંચી કરાડોને ભૂસકા મારતા ઢાળ, કયાંક નદીનાળાનાં કલકલ નિનાદ તો કયાંક ભીષણ અવાજ, ફૂલો-રંગરંગીનથી આચ્છાદિત વૃક્ષોને નીરવ શાન્તિ-/ આ બધાનાં એકસાથે દર્શન એટલે હિમાલય યાત્રા! "**एश्वर्य सहीतमेतत्**" - પરમાત્માનું ઐશ્વર્ય અહીં પથરાયેલું અનુભવ્યું! ભયાનકતા હોવા છતાં ચિત્તમાં પૂ.શ્રીના સ્મરણથી પ્રગટતી પ્રસન્નતા જ સ્થાયી ભાવ બનીને પ્રેરણા અને શકિત આપતી રહી!

આ પહેલાં સૌ. ઉષાબેનનો ઉત્તરકાશીમાંથી સંપર્ક કર્યો હતો. "હું તમારી સાથે જ છું અને તમારા પ્રોગ્રામને સમયે સમયે જોતો રહીશ" આ પૂ.શ્રી નાં વચનોની પ્રતીતિ કરાવતો એ નીલોષાની દેવીનો સંદેશો આવ્યો કે "આજે જ, પૂ.શ્રી નો લંડનથી કોલ હતો અને તમને - એટલે કે , સૌ.હર્ષાને પણ અનુકૂળ હોય ત્યાં ચિન્તા વગર જવાની અનુમતિ તેમણે પાઠવી છે !" સૌ.ચિન્મયીને શ્રી.મયૂરભાઇ, ચિ.પાર્થ, ચિ.મિત - બધાં ખુશ થયાં. બેઝકેમ્પમાં અટકી જવાનું નિયંત્રણ દૂર કરીને કેદારદર્શન માટે પૂ.શ્રી.એ અનુજ્ઞા પાઠવીને પોતે વધારે શ્રમ વહોરી લીધો હતો તે અમને બાળકોને કયાંથી સમજાય ? પણ ડોળીમાં બેસીને હું તથા સૌ. હર્ષા, શ્રવણકુમારોની સહાયથી કેદારેશ્વરને ધામ પહોંચ્યાં ! આખો સંઘ નિર્વિઘ્ને ત્યાં આવી ગયો. લગભગ ચારે ટૂંકો યમુનોત્રી, ગંગોત્રી, કેદારનાથ અને બદરીનાથ - આપણા હાથની ચાર આંગળીઓની માફક ગોઠવાયેલી છે. અને દરેક સરેરાશ ૧૧,૦૦૦ ફૂટની ઊંચાઇએ છે. ચાર વખત ૧૧,૦૦૦ ફૂટ ચઢ્યા અને ચાર વખત ઉતર્યા. વિના વિઘ્ને! તેઓશ્રીએ અમને તેડીને યાત્રા કરાવી! જન્મોજન્મ પૂ.શ્રી.ની સેવાને કૃપાનો લાભ અમને મળતો રહે એ પ્રાર્થના!

કેદાર જતે રસ્તામાં " રામ તેરી ગંગા મૈલી " ફિલ્મનું જયાં ચિત્રણ થયું હતુંતે સ્થળ પણ આવ્યું હતું. ગાઇડે એનો પરિચય આપ્યો હતો. ત્યાં મંદાકિની વહેતી હતી.યોગાનુયોગે તે ફિલ્મની નાયિકા પણ મંદાકિની હતી. મારા ચિત્તમાં મેઘદૂતના અનૂકરણરૂપે એક કાવ્યપંકિત સ્ફરી. "**मन्दाकिनीवासित्निर्मलासु, स्थितोडहमस्मिगिरिकन्दरासु**।" મંદાકિનીથી સુવાસિત અને નિર્મળ ગિરિકંદરાઓમાં હું ઊભો છું. અહીં મંદાકિની ઉપર શ્લેષ પણ વાંચી શકાય ! ગૌરીકુંડથી કેદાર તરફનો પ્રદેશ અનેક ગિરિનિર્ઝરોથી અલંકૃત

છે. ફરી મેઘદૂત યાદ આવ્યું થોડા પરિવર્તન સાથે કે "(**रेवां दक्ष्यसि** ને સ્થાને) **गंगा दक्ष्यस्युपलविषेमे गौरीकुण्डे विशीर्णाम् । भकितच्छेदैरिव विरचितां भूतिमङ्गे गजस्य।"**

આ રમણીયતા અનુભવતા અમે ભગવાન કેદારનાથને શરણે પહોંચ્યાં. ત્યાં સાંજે શૃંગાર - ભગવાનના શણગારના દર્શન કર્યાં. સવારે પૂજાનો સમય નક્કી કર્યો સવારે ૩.૪૫ / ભગવાનનુ મંદિર ભકતો માટે સવારે ૧ વાગ્યાથી ખુલી જાય છે. સવારે ૨-૧૦ વાગે ગરમ પાણી નહાવા માટે આવ્યું સ્નાનશુધ્ધ થઇને પૂજા માટે સૌ. હર્ષા, હું શ્રી મયુરભાઈ, સૌ. ચિનુ અને બીજા કેટલાંક પહોંચ્યાં. ત્યાં પૂ.શ્રી.નો ફોટો ભગવાનની પાસે ગોઠવીને સૌ. હર્ષા પૂજા કરતી હતી. તે જોઇને ગોરમહારાજને પ્રેરણા થઇ તે એમણે ૐકારનાથનું ચિત્ર કેદારનાથના દેહ પર ગોઠવી ઘી. વગેરે દ્રવ્યોથી એનું પૂજન કર્યું, વૈદિક રૂદ્રીના મંત્રો સાથે! પૂ. શ્રી અને કેદારનાથજી વચ્ચેના અદ્વૈતનું આ અજ્ઞાત ગુરુજીએ અમને પ્રમાણ આપ્યું! અમે સહુએ આશ્ચર્ય અને રોમાંચ તથા ભકિતનો ઉદ્રેક અનુભવ્યાં. એક ખાસ વાત એ યાદ કરીને નોંધુ છું કે, સૌ. હર્ષાએ ટૂંકોની ચારે રાત્રિએ ૧૨ વાગ્યાથી જાગતા રહીને અખંડ ધ્યાન પૂજા, શ્રી સદ્ગુરૂ ચિંતન ચાલુ રાખ્યું હતું અને અમને વિશ્વાસ છે કે પૂ.શ્રી.એ લંડનમાં બેઠે બેઠે પણ તેમની ચેતનામાં અમને આવરી લીધાં હતાં !" ભગવાન એક વાગે ઉઠીને ભકતને આવકારે તો આપણે ઉંઘવાનું ના હોય !' અહીં ઊંઘવા નહિ પણ પ્રભુનાં દર્શન, ધ્યાન, ભકિત માટે આવ્યાં છીએ !' ઊંઘવાનું તો રોજ છે !" આ શબ્દો સૌ.હર્ષાનાં - તે હૃદયની ભકિતનો ઉમળકો અને પૂ.શ્રી. તરફના આભારદર્શન ઉપકારભાવના પડઘારૂપ હતા .

અમે કલ્પી પણ નહોતા શકતા કે, સૌ.ચિન્મયીને અને શ્રી.મયૂરભાઇને ચતુર્ધામ યાત્રા માતા-પિતા (બંને)ને કરાવવાની સ્ફુરણા કોણે કરાવી, અને એમની એ ભાવનાની ચમત્કારિક રીતે પૂર્તિ કોણે કરી! આ ઉંમરે, શરીરની આ અવળચંડાઇ સાથે આવી વિકટયાત્રા, આવા આનંદથી આમ નિર્વિઘ્ને પતે એ કેવળ શ્રી રાજયોગીજીની કૃપાનું પરિણામ હતું. ભગીરથ રાજાએ પોતાના પિતૃઓના ઉધ્ધાર માટે ગંગાવતરણ કરાવ્યું એ રીતે પૂ.શ્રી.એ પોતાનાં સંતાનોનાં રક્ષણ અને મનોકામનાપૂર્તિ માટે કૃપા ભાગીરથીનું અવતરણ કરાવ્યું.એ તેનો ભાર શ્રીશંકરે જેમ ગંગાજીનો ભાર ઝીલ્યો તેમ પોતે ઝીલી લીધો! કેદારનાથજીની સફળતા દરમ્યાન મૌસમ પ્રસન્ન, તડકો ચમકતો, આકાશ સ્વચ્છ અને વાતાવરણ સાફ રહયું!

કેદારનાથજીથી ઉતરીને ફરી ગૌરીકુંડ ઉતરી, સિતાપુર રાત્રિ રોકાણ કરીને બીજે દિવસે યાત્રાનું છેલ્લું સોપાન શ્રી બદરીવિશાલના દર્શન માટેનું - સિધ્ધ કરવા અમે આગળ ચાલ્યાં ( તા.૧૩/૫).

બદરીવિશાલનાં ધામમાં પણ બસ છેક સુધી જાય છે. પણ યાત્રા લાંબી હતી. સાંજના અંધારા ઉતરતાં હતાં અને ભૈરવઘાટીમાંથી વાહન-ભયાનક વળાંકો, પૂલો, નદીનાળાં, ધોધને હાથતાળી આપી - પાર કરતું હતું. અચાનક પાંચ/સાત હજાર ફૂટ ઊંચી સીધી કરાડોને એવી જ ૯૦અંશને ખૂણે ઊંડી ઊતરતી ખીણોમાંથી બસ પસાર થતી હતી ત્યારે પહેલીવાર આ ખતરનાક યાત્રાની thrill અને fear નો એકીસાથે અનુભવ થયો. બદરીમાં મુકામે પહોંચ્યાં ત્યારે રાત ઢળી ચૂકી હતી. એક ધન્યતા નોંધવાની રહી ગઇ હતી કે, કેદારમાં સોમવારે અગિયારસે પૂજાનો લાભ મળ્યો. ભગવાન બદરીવિશાલની પૂજા બુધવારે પૂનમને દિવસે કરવાનો અવસર મળ્યો. આ બધી શુભઘડી અનાયાસે ગોઠવાઇ ગઇ હતી, પણ એનો ગોઠવનાર તો લંડનમાં બેસીને રિમોટ કંટ્રોલથી વાહનને સાચવીને તેને નિયંત્રણમાં રાખતો હતો.

"બદરીવિશાલ કી જય", "કેદારનાથ કી જય", "ગંગામૈયા કી જય", "યમુનામૈયા કી જય" આવા જયકાર તો અમારા ગાઇડ દર વખતે બસ ચાલુ થાય ત્યારે કરતા અને યાત્રાની સુરક્ષા માટે પ્રાર્થના

કરતા પણ બદરી પહોચ્યા પછી પહેલી પ્રાર્થના મેં એ કરી કે હે પ્રભુ! અહીં સાચવીને લાવ્યા છો, તેમ સાચવીને ઉતારજો ને ઘરભેગા કરજો !" યાત્રાની જેટલી પવિત્રતા હતી તેટલી જ વિકટતા હતી તેનો ખ્યાલ આનાથી આવી જશે.

બદરીવિશાલનાં દર્શને બીજે દિવસે સવારે અને સાંજે જવાનું હતું. પૂર્ણિમાના ચંદ્રની ચાંદની હિમાચ્છાદિત નીલકંઠને આશ્લેષી રહી હતી. આખો પહાડ જાણે ચાંદીથી મઢયો હોય તેવો જણાતો હતો. ચંદ્ર પહાડની પાછળથી છુપાઇને કિરણો પાથરતો હતો. અને એ જ શિખર સવારે છુપાયેલા સૂર્યકિરણોથી રંગાઇને નર્યું સોનાનું બની ગયું હતું!

તે રાત્રિએ રોજની માફક સૌ.હર્ષા ૧૨-૦૦ વાગે જાગી પથારીમાં શ્રીહરી સ્મરણ અને પૂજયશ્રીનું સ્મરણ કરતાં હતાં. હું પણ ૩-૩૦ વાગે તો જાગી જ જતો અને સ્તોત્રપાઠ કરતો. કેદારના મંદિરમા ઓટલે બેસી મહિમ્નસ્તોત્ર પાઠ કરતો. કેદારના મંદિરના ઓટલે બેસી મહિમ્નસ્તોત્ર, રૂદ્રાષ્ટા ધ્યાયી અને શિવ સ્તોત્રોનાં પાઠનો લ્હાવો લીધો હતો. અહીં વિષ્ણુસહસ્ત્રનામ અને અન્ય સ્તોત્રો વાંચવા હતાં. **સવારે ૩-૩૦ વાગે હું જાગ્યો ત્યારે મધુરઘૂઘરાનો રણકાર - શ્રીકૃષ્ણની રાસલીલામાં ઘુંઘરૂં વાગતા હોય તેવો - મેં સાંભળ્યો. સૌ.હર્ષાને પૂછયું" આ શું? તને સંભળાય છે? તેણે આંગળી હોઠ પર મૂકી મને જણાવ્યું કે," શાંત રહો ! ૧૨ વાગ્યાથી મને આ મધુર ધ્વનિ સંભળાય છે!" My god એક એગ્નોસ્ટિક એવા મને પણ પૂજય શ્રી એ આ અનુભૂતિ કરવી તો એમની કેટલી સ્તુતિ કરીશ ?**

સાંજે શ્રી બદરીવિશાલના મંદિરમાં જેમ કુટીરમાં પૂજયશ્રીની સામે બેસીએ છીએ તેટલી નજીકથી બેસીને સૌ.હર્ષા, મેં, ચિ.સૌ.ચિન્મયી અને શ્રીમયૂરભાઇને અષ્ટોત્તરશતી અને વિષ્ણુસહસ્ત્રનામના પાઠનો લાભ મેળવ્યો. તે વખતે અંદર પ્રવેશ વખતે લાઇન હતી. અમારા ગોર લાઇનમાં અમારા વતી ઊભા રહયા જાણે પૂ.શ્રીએ પોતાના સેવકને અમારી સંભાળ માટે ન મોકલ્યા હોય ! આછો વરસાદ શરૂ થયા અને અમે પ્રાર્થના કરી પૂ.શ્રી.ને બારણાં ખૂલતી વખતે અમે લાઇનમાં ગયા ત્યારે વરસાદ બંધ થઇ ગયો અને વખતે કંડીમાં બેસી નિવાસ પર પહોંચ્યાં ત્યારે પણ વરસાદ અટકી ગયો હતો.

ખબર મળી કે અમે કેદાર છોડયા પછી ત્યાં વાવાઝોડુ ફૂંકાયું હતું અને પાંચ વ્યકિત ઘોડા સાથે ખીણમાં ગબડી ગઇ હતી ! બદરી તરફ આવતાં ભયાનક ઘાટીમાંથી પણ એક મિનિસ્ટરનો કાફલો પાંચ એમ્બેસેડરમાં અમને ઓવરટેક કરીને ગયો! અમે સીતાપુર પહોંચ્યાં ત્યારે રસ્તાંમાં એક-પાંચમાંની એક એમ્બેસેડરને ૪૦ ફુટ ઊંડા ખાડામાં ગબડી પડેલી જોઇ અને આર્મીના મેજરની પત્નીના અવસાનની વાત સાંભળી. સદ્‌ગુરૂની સુરક્ષાના અભેદ્ય કવચનો ફરી અહેસાસ થયો.

શ્રી બદરીવિશાલથી બીજ દિવસે નીકળ્યા ત્યારે મૌસમ સાફ થઇગઇ. આકાશ સ્ફટીકનિર્મળ બની ગયું પણ કેદારની તોફાની રાત્રિ (અમારા નીકળ્યા પછીની ) માં રોડબ્લોકસ થઇ ગયા હતા. અને તેના કારણે થયેલા વિલંબનો લાભ લઇને Auli -ઔલીના વિશ્વવિખ્યાત રોપવેનો આનંદ લીધો! પછી સાંજ ઢળ્યા પછી નગરપ્રવેશ બંધ હોવા છતાં કેવળ અમારી બે બસને જ અનુમતિ મળી અને શ્રીનગર પહોંચ્યાં! રાત્રિ ત્યાં ગાળી સવારે હૃષિકેશ થઇ યોગ્ય સમયે નિર્વિઘ્ને દિલ્હી પહોંચી ગયાં! રસ્તામાં શિવાનંદ આશ્રમમાં સાધુ થઇને બેઠેલા મારા પ્રોફેસર મિત્ર અને તેમનાં પત્ની - ઋષિદંપતિનાં દર્શન થયાં. રાત્રે ગંગાજીમાં દીવડા તરતા મૂકયા, સવારે શ્રી રામશર્માના ગાયત્રીમંદિરનાં દર્શન કરી સાંજ સોરા દિલ્હી આવીને રાત્રે દિલ્હીમેલમાં ગોઠવાયા તે બીજે દિવસે અમદાવાદ પૂ.શ્રી.ના આર્શીવાદની સફળતા પોકારતા, તેમની કૃપાથી "**रोमहर्षस्च जायते** "નો અનુભવ કરતાં બાળબચ્ચાં સાથે પાછાં આવ્યાં તે કૃપાયાત્રા ૬/મેથી શરૂ થઇ તે આ ક્ષણે પૂ.શ્રી.નાં ચરણોના દર્શન સાથે પૂર્ણાહૂતિ પામી ! (૧૭/૬/૨૦૦૦)

**॥ ૐ મા ૐ ॥**

**જ્ઞાનબીજ**

જિજ્ઞાસા જ્ઞાનની જનની છે.જેમનામાં જિજ્ઞાસા ન હોય તેની ચેતના મૃત્યુ પામે, પરંતુ જિજ્ઞાસાનો અર્થ એ નહિં કે ગમે તે જાણવાનો લોભ રાખવો, ને છાના ખૂણાઓમાં પણ દ્રષ્ટિ દોડાવવી. જિજ્ઞાસુ સ્વભાવ હોય તો તમારા મનને કોઇ વિષયના જ્ઞાનની કેડી પર મુકી દો. જેમ આગળ વધશો તેમ જ્ઞાન અને જિજ્ઞાસા બંને વધતાં જશે. આજે ક્ષુદ્ર વાતો અને માહિતિમાં રાચો છો, આવતીકાલે જીવન અને જગતનું રહસ્ય ઉકેલવાની દ્રષ્ટિ પ્રાપ્ત થશે. જિજ્ઞાસા આવકાર પાત્ર છે પરંતુ તે યોગ્ય માર્ગે જતી હોય તો જ, નહિં તો ઇર્ષ્યા, નિંદા અને દ્વેષના દુષણો પણ લઇ આવે છે.

**( પૂજય ગુરૂદેવ કથિત )**



**જ્ઞાનબીજ - વિચારવૃક્ષ**

**તા. ૬-૭-૯૬ ના રોજ શ્રધ્ધાકૂટિરમાં યોજાયેલ જ્ઞાનબીજ - વિચારવૃક્ષના સંકલિત અંશો.**

**(૧) પ્રતિક્ષાબહેન :** જિજ્ઞાસાવૃત્તિ જ્ઞાનની જનેતા છે. વ્યક્તિ પોતે જ્યાં સુધી જિજ્ઞાસા નહીં દાખવે ત્યાં સુધી તેને કશું પ્રાપ્ત થતું નથી. જ્ઞાન પ્રાપ્ત કરવાની ઇંતેજારી રાખે તો જ સફળતા મેળવી શકે. જીજ્ઞાસાવૃત્તિ જ્ઞાનની કેડી પર ત્યારે જ ચઢે જ્યારે વ્યક્તિને તે વિષયમાં રસ હોય. એવો વિષય, જે વ્યક્તિનું વ્યક્તિત્વ ખીલવે, સમાજમાં આગવું સ્થાન પ્રાપ્ત કરાવે. પણ જે લોકો ઇર્ષ્યા, નિંદા કે દ્વેષમાં ડૂબેલા હોય તેમનું જીવન ચેતનહીન બની જાય છે. પરમતત્વે આપણને આ ધરતી પર માનવદેહ અર્પીને શા માટે મોકલ્યા છે ? એ જાણવાની જીજ્ઞાસા કદી થઇ છે ? સારાં કર્મો કેવી રીતે કરવા ? મન-વચન-કર્મની પવિત્રતા કેવી રીતે જાળવવી ? આવી જીજ્ઞાસા આપણને સંતોનાં ચરણમાં લઇ આવે છે. આપણે પૂજ્યશ્રીને પ્રાર્થના કરીએ કે, મા ભગવતીને ચરણે બેસી આધ્યાત્મિક જીવન જીવવાની જડી બુટ્ટી

મેળવવાની જિજ્ઞાસા અમારામાં હંમેશાં બરકરાર રહો.

**(૨) મનિષભાઇ** : જિ માં જ = જગત, જ્ઞ = જ્ઞાન અને સા એટલે સાકાર સ્વરૂપ. અર્થાત્ ઇશ્વરે નિર્માણ કરેલ જીવ અને જગત વિષેનાં જ્ઞાનનો તાગ મેળવી સાકાર સ્વરૂપ ઇશ્વરમાં લીન થવું. જિજ્ઞાસા મનુષ્ય જીવનનું અતિ આવશ્યક અંગ છે, ચેતના છે. જેમ ચેતના વગરનું અંગ નકામું તેમ જિજ્ઞાસા વગરનો મનુષ્ય કશા કામનો રહેતો નથી. જિજ્ઞાસાથી સાંભળેલી અધુરી વાતો અથવા પ્રપંચી વ્યક્તિનાં મુખેથી સાંભળેલી વાણી બીજા પ્રત્યે દ્વેષ પેદા કરાવે છે. ચૈતન્ય સ્વરૂપ આત્માએ, પરમાત્માને જાણવા, પિછાણવા, તેને પ્રેમ કરવાને ચેતનવંતા મનના સહારાની જરૂર છે, મન ચેતનવંતુ ત્યારે જ બને, જો મનુષ્યમાં જિજ્ઞાસા હોય. અને ત્યારે જ ઇશ્વર પ્રાપ્તિ શક્ય બને. માત્ર મનુષ્ય જ જિજ્ઞાસાનો માર્ગ કંડારી. ચેતનવંત બને અને જ્ઞાન પ્રાપ્ત કરી ઇશ્વરમાં લીન બની ભળી જાય. પરમતત્વ સુધી પહોંચવાના એક એક પગથિયાં જ્ઞાનની સભર છે જે જિજ્ઞાસાથી જ શક્ય બને અને એટલે જ તે જ્ઞાનની જનની છે. જિજ્ઞાસુ સ્વભાવ વાળી વ્યક્તિ જો તેના મનને આધ્યાત્મિક પથ પર મુકી દે તો અલૌકિક જ્ઞાન અને જિજ્ઞાસા બંને આપોઆપ વધતાં ચાલશે અને તે માનો મેળાપ કરાવી આપશે.

**(૩) ભરતભાઇ** : જિજ્ઞાસા ખુબ ઉપયોગી છે. એક પટાવાળાનો અનુભવ કહ્યો કે ગુરૂદર્શનથી એની પત્નીનો વળગાડ દૂર થયો.

**(૪) સ્નેહાબહેન** : પરમતત્વએ માત્ર મનુષ્યમાં જિજ્ઞાસા વૃત્તિનું સિંચન કર્યું છે. જે જન્મથીજ આપણને મળે છે. બાળક પોતાની જિજ્ઞાસા મા-બાપ કે ગુરૂ પાસે રજૂ કરે છે. બાળકની જિજ્ઞાસાવૃત્તિ જેટલી વધારે હશે તેટલું તેનું વ્યક્તિત્વ અને ઘડતર સુંદર થશે. આપણે પ્રમાદમાં રાચીશું તો જિજ્ઞાસાવૃત્તિ કુંઠીત થતી જશે. જો તમારી આ વૃત્તિને સંતોષનાર અથવા અનુમોદન આપનાર વ્યક્તિ યોગ્ય નહીં હોય તો તમારૂં જ્ઞાન ખોટા રસ્તે દોરાશે. આપણી જિજ્ઞાસા સંતોષવા માટે પૂજ્ય ગુરૂદેવના જ્ઞાનનો લાભ લઇએ અને તેમણે બતાવેલા માર્ગે જ ચાલીએ.

**(૫) હેમંતભાઇ** : જિજ્ઞાસા એ પ્રભુએ આપેલી શક્તિ છે. દરેકમાં આ શક્તિ સરખી નથી હોતી. આપણામાં ભૂતકાળમાં વાગોળીને વર્તમાનને બગાડવાની પ્રક્રિયા સામાન્ય બનતી જાય છે. પરમાત્માએ આપેલી દરેક શક્તિઓ, ચાહે તે જ્ઞાનની, શરીરની, ધનની કે બુદ્ધિની હોય, પણ જ્યાં સુધી તે વિવેકમાં કે મર્યાદામાં રહે છે ત્યાં સુધી સારાં કાર્યો કરે છે અને મર્યાદા તૂટે ત્યાં તે વિનાશક બને છે. એમ જ્યારે જિજ્ઞાસા શક્તિ પરથી વિવેક જાય ત્યારે તે નિંદા, ઇર્ષ્યા કે દ્વેષમાં પરિણમે છે. આપણે જીવન જગતના રહસ્યોને શોધવામાં જિજ્ઞાસા વાપરીએ, પૂજ્યશ્રીના ચરણોમાં જ્ઞાનની સરીતા શોધવામાં જિજ્ઞાસા રાખીએ અને એ જ્ઞાન સરિતાથી જીવન પરિવર્તન દ્વારા પૂજ્યશ્રીના આશીર્વાદ સાથે ઇર્ષ્યા ત્થા નિંદાને જાકારો આપીએ.

**(૬) ભાનુમતીબહેન :** સારી વસ્તુ જાણવાની જિજ્ઞાસા રાખીએ તો કુદરત પુરી કરે. અમે સાચા ગુરૂની શોધમાં ઘણું ફર્યા અને છેવટે રાજયોગીના દરબારમાં આવી ચઢ્યા. પૂજ્યશ્રીને કોટી કોટી વંદન.

**(૭) જસવંતભાઇ** : જિજ્ઞાસા વગરનું જીવન મૃતઃપાય છે. સારી અને યોગ્ય જિજ્ઞાસા રાખીએ તો પ્રગતિનાં સોપાન સિદ્ધકરી શકીએ. ખરાબ જાણવાની વૃત્તિથી અધોગતિ પામીએ. આપણે જિજ્ઞાસા, પૂ. ગુરૂદેવ અને માતાજીને સતત યાદ રાખવામાં, મા-બાળની દિવ્ય વાતો સાંભળવામાં, ઇષ્ટનો મંત્રજાપ

કરવામાં, ભક્તોના અનુભવો સાંભળી શ્રધ્ધા અને શરણાગતિ પ્રબળ બનાવવામાં રાખીએ.

**(૮) અરવિંદભાઇ :** જિજ્ઞાસાથી વિકાસ થાય. જિજ્ઞાસા આર્થિક પ્રવૃત્તિ માટે હોય તો આર્થિક વિકાસ, આધ્યાત્મિક હોય તો આધ્યાત્મિક વિકાસ. આપણે પોતાના ભૌતિક ત્થા આધ્યાત્મિક વિકાસ માટે યોગ્ય જિજ્ઞાસા કેળવીએ અને વિકાસની નવ જાગૃતિને પામીએ. પૂજ્યશ્રીના ચરણોમાં આધ્યાત્મિક વિકાસ માટેની જિજ્ઞાસા સમર્પિત કરીએ.

**(૯) પૂ. બહેનજી :** (૧) જિજ્ઞાસાનું અવિરત ઝરણું વહે જો જીવનમાં
જ્ઞાનની સરિતા વહાવી શકાય જીવનમાં
(૨) પુરૂષાર્થનો પમરાટ ઉમેરાય જો જિજ્ઞાસામાં
વિજ્ઞાનને વિકસાવી શકાય જીવનમાં
પયંગરી લાદી શકાય જીવનમાં
પરમની પહેચાન પામી શકાય જીવનમાં
(૩) જિજ્ઞાસા જો હોય રચનાત્મક,
જીવન વિકસે, જગત વિકસે,
(૪) દુર્વૃત્તિ ભળે જિજ્ઞાસામાં
ષડ્‌રિપૂને સ્થાન મળે
ઇર્ષ્યા, નિંદાને લોભ પ્રવૃત્ત બને
જીવન બાગમાં કાંટા મળે.

**(૧૦) પૂજ્ય ગુરૂદેવ :** **જિજ્ઞાસાની તો પા પા પગલી ભરો**
**સંસારમાં સાત્વિકતાથી સતત દોડતા રહો**
**આંખ ખુલ્લી કરો, હૃદયને પવિત્ર કરો**
**બુદ્ધિને ચઢાવો એરણ પરે,**
**તળેટીમાંથી શિખર પર પહોંચી જશો.**

તમે સૌ જો બાળકની જેમ નિર્દોષતા કેળવશો, બાળકની જેવી પવિત્રતા કેળવશો અને પછી સાચી જિજ્ઞાસા રાખશો તો જ સાત્વિકતાથી સંસારમાં સતત દોડતા રહેશો. આંખોથી સારૂં જોવાની વૃત્તિ રાખો ત્થા હૃદયને પવિત્ર કરો અને બુદ્ધિને જ્ઞાનની એરણ પર ટીપાવા દ્યો. તો શુદ્ધ જ્ઞાન પ્રાપ્ત થાય. જિજ્ઞાસાથી જન્મેલા જ્ઞાનરૂપી બાળકની નિર્દોષતા, પવિત્રતા જ તમને પરમ સુધી લઇ જઇ શકે.

**આપણે સૌ પૂજ્યશ્રીના આધ્યાત્મિક જીવનમાંથી એમના જ આશીર્વાદથી, કૃપાથી, દયાથી અને મહેરબાનીથી આપણા જીવન પરિવર્તનની ચાવી શોધવાની જિજ્ઞાસા રાખીએ.**

**ૐ મા ૐ**

# સમાચાર

**૧. : સુરત કાર્યયજ્ઞ :**

**તા.** ૨૧-૪-૨૦૦૧ શનિવાર **સમય :** બપોરે ૧૨-૦૦ થી ૪-૦૦

**તા.** ૧૫-૯-૨૦૦૧ શનિવાર **સમય :** બપોરે ૧૨-૦૦ થી ૪-૦૦

**સ્થળ :** વિજયનગર કો. ઓ. હા. સોસાયટી, દયાલબાગ પાસે, મજુરાગેટ - સુરત.

**૨. : વિદેશમાં કાર્યયજ્ઞ :**

તા. ૭-૫-૨૦૦૧ થી તા. ૨૧-૬-૨૦૦૧ (મે-જુન) સુધી વિદેશનો કાર્યયજ્ઞ

તા. ૧૦-૭-૨૦૦૧ થી તા. ૮-૮-૨૦૦૧ (જુલાઈ-ઓગષ્ટ) સુધી વિદેશનો કાર્યયજ્ઞ.

**૩. : નિલોષા અમદાવાદમાં કાર્યયજ્ઞ :**

તા.૧૮-૪-૨૦૦૧ થી તા.૨૪-૬-૨૦૦૧ સુધી નિલોષા બંધ રહેશે.

તા.૨૫-૬-૨૦૦૧સોમવારથી નિલોષા મુલાકાત ચાલુ થશે.

તા ૭-૭-૨૦૦૧ થી તા.૧૨-૮-૨૦૦૧ સુધી નિલોષા બંધ રહેશે.

તા.૧૩-૮-૨૦૦૧થી સોમવારથી નિલોષા મુલાકાત ચાલુ થશે.

**૪. : ઉત્સવ માહિતિ :**

ગુરૂપૂર્ણિમા તા. ૫-૭-૨૦૦૧ ગુરૂવારે.

માનવતાદિન તા. ૭–૯-૨૦૦૧ શુક્રવારે.

***બન્ને ઉત્સવો પર પૂજ્યશ્રીના દર્શનનો લાભ મળી શકશે.***

**સમય :** સવારે ૯-૦૦ થી ૧-૦૦

**સ્થળ :** પી. જી. મહેતા હોલ, શંકર આશ્રમ સામે, રાજનગર બસસ્ટેન્ડ, પાલડી, અમદાવાદ-૭.

**૫. : નવરાત્રિ :**

આસો નવરાત્રિ તા. ૧૭-૧૦-૨૦૦૧ થી ૨૪-૧૦-૨૦૦૧ સુધી. વિશિષ્ટ ઉપાસના કરવા ઈચ્છતા ભાવિકોને પૂજ્યશ્રી આશીર્વાદ પાઠવે છે.

**ૐમાૐ**

# પૂજ્ય રાજયોગી નરેન્દ્રજીનો વિદેશનો કાર્યક્રમ

**મે-જૂન-૨૦૦૧**

## યુ. કે.

| તારીખ | વાર | સમય | સ્થળ | આયોજક | ટેલીફોન |
|---|---|---|---|---|---|
| ૧૨-૫-૨૦૦૧ | શનિવાર | ૩ થી ૫ | બ્રેડફોર્ડ | સવિતાબેન પટેલ | ૦૧૨૭-૪૫૦૨૬૬૫ |
| ૧૩-૫-૨૦૦૧ | રવિવાર | ૪ થી ૭ | ઓલ્ફીન સ્ટ્રીટ | પ્રદીપ વડેરા | ૦૧૧૬-૨૩૫૪૬૧૧ |
| ૧૪-૫-૨૦૦૧ | સોમવાર | ૪ થી ૭ | ઓલ્ફીન લેસ્ટર | પ્રદીપ વડેરા | ૦૧૧૬-૨૩૫૪૬૧૧ |
| ૨૦-૫-૨૦૦૧ | રવિવાર | ૪ થી ૭ | વેમ્બલી લંડન | અમૃતલાલ પોપટ | ૦૨૦૮-૯૦૨૩૦૨૯ |
| ૨૧-૫-૨૦૦૧ | સોમવાર | ૪ થી ૭ | વેમ્બલી લંડન | અમૃતલાલ પોપટ | ૦૨૦૮-૯૦૨૩૦૨૯ |

## યુ.એસ.એ.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૫-૫-૨૦૦૧ | શુક્રવાર | ૪ થી ૭ | યુનીયન સીટી | રતિલાલ મિસ્ત્રી | ૨૦૧-૮૬૫૭૨૮૨ |
| ૨૬-૫-૨૦૦૧ | શનિવાર | ૪ થી ૭ | ,, ન્યુજર્સી | રતિલાલ મિસ્ત્રી | ૨૦૧-૮૬૫૭૨૮૨ |
| ૨૭-૫-૨૦૦૧ | રવિવાર | ૪ થી ૭ | ,, ન્યુજર્સી | રતિલાલ મિસ્ત્રી | ૨૦૧-૮૬૫૭૨૮૨ |
| ૦૧-૬-૨૦૦૧ | શુક્રવાર | ૫ થી ૭ | બારીડજ ઇલી. | શીલુભાઇ અગ્રવાલ | ૬૩૦-૪૫૫૯૦૨૬ |
| ૦૨-૬-૨૦૦૧ | શનિવાર | ૪ થી ૭ | ઇલ્કગ્રુ. ઇલી. | કાંતિલાલ પટેલ | ૮૪૭-૯૮૫૦૮૬૨ |
| ૦૩-૬-૨૦૦૧ | રવિવાર | ૪ થી ૭ | ઇલ્કગ્રુ. ઇલી. | કાંતિલાલ પટેલ | ૮૪૭-૯૮૫૦૮૬૨ |
| ૦૫-૬-૨૦૦૧ | મંગળવાર | ૫ થી ૭ | શેલ્બીવીલટેનીસી | બાબુભાઇ પટેલ | ૬૧૫-૬૮૪૩૧૦૧ |
| ૦૬-૬-૨૦૦૧ | બુધવાર | ૫ થી ૭ | શેલ્બીવીલટેનીસી | બાબુભાઇ પટેલ | ૬૧૫-૬૮૪૩૧૦૧ |

**જુલાઈ-ઓગષ્ટ-૨૦૦૧**

## યુ. કે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૪-૭-૨૦૦૧ | શનિવાર | ૩ થી ૬ | બ્રેડફોર્ડ | સવિતાબેન પટેલ | ૦૧૨૭-૪૫૦૨૬૬૫ |
| ૧૫-૭-૨૦૦૧ | રવિવાર | ૪ થી ૭ | ઓલ્ફીન સ્ટ્રીટ | પ્રદીપ વડેરા | ૦૧૧૬-૨૩૫૪૬૧૧ |
| ૧૬-૭-૨૦૦૧ | સોમવાર | ૪ થી ૭ | ,, લેસ્ટર | પ્રદીપ વડેરા | ૦૧૧૬-૨૩૫૪૬૧૧ |
| ૨૦-૭-૨૦૦૧ | શુક્રવાર | ૩ થી ૫ | કોયડન લંડન | જ્યોતિબેન પરમાર | ૦૨૦૮-૬૭૯૮૬૬૮ |
| ૨૧-૭-૨૦૦૧ | શનિવાર | ૪ થી ૭ | વેમ્બલી લંડન | અમૃતલાલ પોપટ | ૦૨૦૮-૯૦૨૩૦૨૯ |
| ૨૨-૭-૨૦૦૧ | રવિવાર | ૪ થી ૭ | વેમ્બલી લંડન | અમૃતલાલ પોપટ | ૦૨૦૮-૯૦૨૩૦૨૯ |

## યુ.એસ.એ.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૬-૭-૨૦૦૧ | ગુરૂવાર | ૫ થી ૭ | યુનીયન સીટી | રતિલાલ મિસ્ત્રી | ૨૦૧-૮૬૫૭૨૮૨ |
| ૨૭-૭-૨૦૦૧ | શુક્રવાર | ૫ થી ૭ | ,, ન્યુજર્સી | રતિલાલ મિસ્ત્રી | ૨૦૧-૮૬૫૭૨૮૨ |
| ૨૮-૭-૨૦૦૧ | શનિવાર | ૫ થી ૭ | ,, ન્યુજર્સી | રતિલાલ મિસ્ત્રી | ૨૦૧-૮૬૫૭૨૮૨ |
| ૨૯-૭-૨૦૦૧ | રવિવાર | ૫ થી ૭ | ,, ન્યુજર્સી | રતિલાલ મિસ્ત્રી | ૨૦૧-૮૬૫૭૨૮૨ |